॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૬૭, ડિસેમ્બર–૨૦૨૪, રૂા. ૫.૦૦/–

## વડતાલ મંદિર દ્વારા આયોજીત
## શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવનાં દર્શને

પધારેલા પૂજ્ય મહંત સ્વામી આદિ સંતોનું પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તેમજ ચેરમેન શ્રી તથા કોઠારી સ્વામી આદિ સંતો દ્વારા આવકાર સાથે પૂજ્ય મહંત સ્વામીએ ઉત્સવના દર્શન કરી રાજીપા સાથે સભાસદોને રુડા આશીર્વાદ પાઠવ્યા હતા.







॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૪ અંક-૧૦ ડીસેમ્બર-૨૦૨૪
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૬૭

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૩ |
| સત્સંગ સમાચાર-દેશ | ૧૧ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૭ |
| શ્રી ઘનશ્યામ બાળસંદેશ | ૨૭ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.


- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

મંદિરમાં કથા, કીર્તન, સત્સંગ, સમૈયા હોય. દેશને રાજ્યોમાં ને ગ્રામ પંચાયતોમાં સભાઓ હોય. કટુંબમાં મિલન હોય. ગામડાગામમમાં ચોરે, વથાણમાં, વડલા-પિપળાની નીચે ખેતી કરીને થાકેલા વયોવૃદ્ધોની ભૂતકાળને વર્તમાનકાળની યાદો અને ટીપ્પણીઓ પણ ખરા જેમા પોતપોતાના જૂથમાં પુરુષો અને સ્ત્રીઓ ચર્ચામાં હોય.

ચારે તરફ નાની મોટી સભાઓ જોઈને પશુ-પક્ષીઓને પણ એકવાર તેમની સભા ભરવાનું મન થયું. જંગલના રાજા સિંહે એક ગર્જના કરીને બધાયને નિમંત્રણ આપી દીધું. ને જેને બોલવું હોય તેને બોલવાનો આદેશ આપ્યો, તેથી ઊંટે ઊભે ઊભે જ બોલવાનું શરૂ કર્યુ; બેસી તો શકતું નહોતું.

ઊંટે કહ્યું આ સભામાં ભૂતળ પર, પશુઓ ને પક્ષીઓ અપાર છે. બગલાની ડોક વાંકી,

પોપટની ચાંચ વાંકી, હાથીની સુંઢ વાંકી, ભેંસના શિંગણા વાંકા, કૂતરાની પૂછડીનો વાંકો વિસ્તાર છે.

આ સાંભળી ચતુર શિયાળે ટોણો માર્યો સાંભળી શિયાળ બોલ્યું, દાખે દલપતરામ છે, બીજાનું તો એક વાંકુ, આપના અઢાર છે.!

બસ થઈ રહ્યું. શિયાળનો કટાક્ષ ઊંટ સમજી ગયું ને નાનકડી પૂછડી દબાવીને ભાગ્યું.

માનવ સમાજમાં જ્યારે કોઇ બીજા બીજાઓની અનિર્વાય ટીકાઓ કરે ત્યારે તે એક આંગળી બીજા તરફ ને ત્રણ પોતાની જ આંગળીઓ પોતા તરફ જ વાળતો હોય છે. માટે સાવધાન. આપણા દોષ ન જોઈને જ આપણે કદી સુધરતા નથી. મંદિરમાં દર્શન કરતી વખતે આંખો ખોલી પરમાત્મા મૂર્તિઓના જ દર્શન કરવા. આંખો આડીઅવળી ફરફર કરે ને અન્ય દર્શનાર્થીઓનો વિચાર કર્યા કરે તે દોષ ટાળવા જેવો ખરો.

આપણે મૂર્તિનાં દર્શન કરી, મન ભરીને મંદિરના ઓટલે જરા બેસીને ંસસાર તરફ લપસતા પહેલાં આટલું કરવું જરૂરી છે.

**અનાયાસેન મરણમ્, વિના દૈન્યેન જીવનમ્ । દેહાન્તે તમ સાનિધ્યમ્, દેહિ મે પરમેશ્વરમ્ ॥**

સંસારને ઘડીભર છોડી, પ્રભુને ઓટલે બેસીને આર્દ્ર, મૌનથી વિનંતી કરાય. મને તકલીફ વગરનું મરણ આપજો, પરવશતા વગરનું જીવન આપજો ને પ્રાણ નિકળતા હોય ત્યારે પ્રભુ તમારા દર્શન દેજો. હે પરમેશ્વર ! આ બધું મને અંતિમ ક્ષણે આપજો. આ માંગણી નથી. આ યાચના છે, પ્રાર્થના છે. પ્રત્યેક દર્શનાર્થીએ પ્રભુને ઓટલે આમ કરવું ને પોતાની ભાવિ પેઢીને ધન-સમૃદ્ધિની સાથે સાથે આવો આધ્યાત્મિક વારસો આપતા જવું.

**ચોરાને ઓટલો, ને મંદિરનોયે ઓટલો, ઓટલે ઓટલે અગણિત વૈવિધ્ય છે;**
**ક્યાં સંસારની માયાવી પિંજણ ને ક્યાં આત્મોદ્ધારની આર્દ્ર પ્રાર્થના.**

## શિક્ષાપત્રી શ્લોક-૮૭

- હિંમતભાઈ ઠક્કર 'રઘુવંશી'



**जातायामथ तन्मुक्तौ कृत्वा स्नानं सचेलकम् ।**
**देयं दानं गृहिजनैः शक्त्यन्यैस्त्वर्च्य ईश्वरः ॥**

મારા આશ્રિતો હોય તેમણે ગ્રહણ મૂકાઈ ગયા પછી વસ્ત્રે સહિત સ્નાન કરીને, ગૃહસ્થ સત્સંગી હોય તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે દાન કરવું. અને જે ત્યાગી હોય તેમણે ભગવાનની પૂજા કરવી.

શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, સૂર્ય અને ચંદ્રમાનું ગ્રહણ જ્યારે સમાપ્ત થાય ત્યારે સર્વે ભક્તજનોએ તેમણે શરીર ઉપર ગરમ કાપડ ધારણ કરેલું હોય કે ઊનનું વસ્ત્ર ધારણ કરેલું હોય, જે કાંઈ પણ શરીર ઉપર ધારણ કરેલું હોય, તેમને પલાળવા પૂર્વક જ ગ્રહણ સંબંધી સ્નાન કરવું. શ્રીભાષ્યકાર શતાનંદ સમજાવે છે કે સ્મશાન અને ગ્રહણ સમયે તો શરીર ઉપર ગરમ ધાબડી ધારણ કરી હોય કે કોટ ધારણ કરેલ હોય તેને પલાળવો જ પડે. આ બે પ્રસંગ સિવાય શરીર ઉપર ધારણ કરેલું ઊનનું વસ્ત્ર પલાળે તો ચાલે નહિં.

હવે જ્યારે ગ્રહણ સમાપ્ત થવાની તૈયારીમાં હોય ત્યારે ગૃહસ્થાશ્રમીઓએ દાનનો સંકલ્પ કરી લેવો. અને પછી જ્યારે ગ્રહણ સંપૂર્ણ સમાપ્ત થઈ જાય, ત્યારે સ્નાન કરીને સંકલ્પ કરાયેલું દાન આપી દેવું અને ગૃહસ્થ સિવાયના જે ત્યાગી હોય તેમની પાસે અથવા યોગ્ય પદાર્થનો સંગ્રહ હોતો નથી. તેથી ત્યાગીઓને દાનની જગ્યાએ ભગવાનની પૂજા કરવી. પૂજા કરવાથી સમગ્ર દાનનું ફળ પ્રાપ્ત થાય છે. માટે અવશ્ય ગ્રહણના નિમિત્તનું સ્નાન કરવું આવો અભિપ્રાય છે.

આ ગ્રહણ નિમિત્તે થતી નાની મોટી વિધિ કોઈ અઘરું કાર્ય નથી. સૌ સંસારીઓ ઉઠતાંવેંત જ સવારથી પોતાના દૈનિક કાર્યો ખૂબજ આસાનીથી કરી લેતા હોય છે. પણ ગ્રહણ પ્રસંગોપાત જ આવતાં હોવાથી યા તો પોતે શિક્ષાપત્રી વાંચી સમજીને ન જાણતા હોય તેમને સમજાવી હોવાથી અથવા તો મંદિરની આવન-જાવન વખતે તેમના ગુરુજનો પાસેથી સમજી લઈને કરી શકાય તેવા છે. લગ્ન કે મરણ કંઈ દરરોજની ઘટનાઓ નથી. તેથી બીજાને અનુસરીને પણ કરી લેવાય ખરી.

દુકાન, ઓફિસ, બેન્કમાં ટેબલ કે કાઉન્ટર પર બેસતો વ્યક્તિ તેની પ્રત્યેક દિવસે આવતી અવનવી સમસ્યાઓને કેમ હલ કરી શકતો હોય છે ? તેવી જ રીતે ગ્રહણ સમય પ્રસંગે સમયાંતરે આવેલી સમસ્યા હલ થઈ શકે છે. ભલે વિજ્ઞાનીઓ ગ્રહણ વખતે ને તેની આગળ-પાછળના સમયને પણ નાના મોટા દૂરબીનો કે ઈલેક્ટ્રો-મેગ્નેટિક યંત્રો વળે તેનો અભ્યાસ પણ કરતા જ હોય છે. આ તેમનું કર્મ છે. તેઓ જગત આખાને સૂર્યમંડળમાં બનતી અદ્ભુત ને અવનવી ઘટનાઓનો અભ્યાસ કરીને આપણા માટે પ્રસારિત પણ કરતા હોય છે. અને હવે તો અત્યાધુનિક વિજ્ઞાને આપણને ઘેર બેઠાં જ ટી.વી.માં બધું વિગતવાર જણાવતા જ હોય છે, તો શ્રીહરિએ આધ્યાત્મિક ને ધર્મની બેઠક પરથી આપેલ આદેશને જ્ઞાનને ન માનવાનું કે વિતંડાવાડ કરવાનું કોઈ કારણ જ નથી.

**"મારા અતિ વ્હાલા સત્સંગી, પ્યારથી ઊંડા તો ઉતરો;**
**સ્વલાભાલાભ પ્રસંગો માટે, ઊઠો, જાગો ને ગાંઠે બાંધો સત્કર્મો."**

જરા ચિંતન કરીને વિચારો તો ખરા કે

શ્રીહરિએ માનવ જીવનને હર્યુંભર્યું ને લીલુછમ્મ બનાવવા સામાજિક, ધાર્મિક, આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક માહિતીઓને પોકેટ બૂક 'શિક્ષાપત્રી' માં છૂટ્ટે હાથે ઠાંસી ઠાંસીને ભરી દીધી છે.

ભારત દેશમાં 'સ્વચ્છતા' ને તો આપણાં કુટુંબીઓમાંની એક સભ્ય જ બનાવી દીધી છે ને..! આપણે નાના હતા ત્યારે ખાવું, પીવું, રમવું, રખડવું ને નિષ્ફિકર થઇ જીવવા સિવાય કાંઇ આવડતું હતું ?

ભૂખ લાગે ને જેવા આપણે મોડી સાંજે આપણા ઘરમાં ઘુસીએ કે દાદી કે મા ટબુડાનો કાંડો પકડી ને તેનો ફોસલાવીને પહેલો હૂકમ કરે...અરે..અરે..! જમવાનું પછી મળશે, જા પહેલાં હાથ-પગને મોઢું ધોઇ આવ તો..! કેવો ધૂડિયો થઇ ગયો છો ?

પ્રત્યેક ઘરમાં આવી તો નાની મોટી કેટલીયે ઘટનાઓ અને પ્રસંગો રોજબરોજ હોય છે જ. માટે ચતુર સુજાણ સત્સંગીઓ જાગ્રત થઇને પ્રસંગોપાત આવતી ગ્રહણ જેવી આકાશીય છૂતાછૂત ઘટનાઓમાંથી હેમખેમ સ્નાન કરીને ચોખ્ખાચટ્ટ થઇ જઇએ..!

**"લાડક ટબુડાને ટપટપ કરાય, પણ ચતુર સુજાણને ઇશારો કાફી..!
બનીએ સ્વયં ખુદના હિતચિંતક, શિક્ષાપત્રીને હૃદયસર ચાંપી..!"**

## પુરુષાર્થ (મહેનત) ભાગ્યને ઉઘાડે છે.

રમણભાઇ ગજ્જર, ભુજ.

એમ કહેવાય છે કે, "જેણે વધારે પરસેવો પાડ્યો છે એને ઓછું લોહી બાળવું પડશે." અર્થાત જે વધુ મહેનત કરીને આવતીકાલ માટે નાણાંની બચત કરશે તેને ભવિષ્યમાટે ચિંતા કરવાની ન હોય. તેનું ભવિષ્ય સલામત છે.

મહાભારત બોધ આપે છે કે, "જેમ ખેતર વગર વાવેલું બી નકામું બને છે તેવી રીતે પુરુષાર્થ વગર પ્રારબ્ધ સિદ્ધિ મેળવતું નથી." માથે હાથ દઇને બેસી રહેવાય નહીં. જ્યાં સુધી યુવાવસ્થા છે ત્યાં સુધી જેટલો બને એટલો વધારેને વધારે ઉદ્યમ, પુરુષાર્થ, પરિશ્રમ, મહેનત કરીને ભવિષ્યને સુમધૂર બનાવવાનું આયોજન કરી લેવું જોઇએ.

કોઇના પણ સો દિવસ સરખા જતાં નથી તે પણ યાદ રાખવું જોઇએ. નોકરી-ધંધામાં ચડતી-પડતી, ભરતી-ઓટ આવતી-જતી હોય છે. પણ આપણાં માથે તો શ્રીહરિના દિવ્ય કૃપાનું છત્ર છે. તેથી આપણે આવતીકાલની ચિંતા પ્રભુ પર છોડી દઇએ છીએ. ભગવાન તો આપણી સાથે હતા..છે.. અને રહેવાના જ છે પણ આપણી કંઇક જવાબદારી હોય છે.

માણસ આજે જે મહેનત કરે છે તે જ આવતીકાલનું ભાગ્ય છે. માટે આજની કિંમત આપણે ઓછી ન આંકીએ. જીવનમાં કરેલો સાચો પ્રયત્ન કયારેય નિષ્ફળ જતો નથી. વળી કઠોર પરિશ્રમનો કોઇ વિકલ્પ નથી. માટે જ્યાં સુધી હાથપગ ચાલે છે ત્યાં સુધી બે પૈસા ભેગા કરી લેવા જોઇએ.

જે વ્યક્તિ ચિંતામુક્ત બનીને ગભરાયા સિવાય, શ્રીહરિની કૃપાથી મહેનત કરે છે તેના ખોળામાં સફળતા સામે ચાલી આવીને બેસી જાય છે. ચાણકયે કહ્યું છે કે, "મહેનત એ એવી સોનેરી ચાવી છે જે ભાગ્યના દ્વાર ઉઘાડી નાંખે છે."

કાંઇક વધુ મેળવવા કાંઇક ગુમાવવું પડે છે તેથી યુવાવસ્થા ભોગ-વિલાસ, આળસ-પ્રમાદ ઇચ્છતી હોય છે. પણ તેને બાજુએ હડસેલીને આવતીકાલને ઉજ્જવળ બનાવવા માટે આજે તનતોડ પ્રયાસો કરવા જોઇએ. હા, તકલીફ-મુંઝવણ જણાય તો સદ્‌ગુરુ સંતો, વડીલોનું માર્ગદર્શન મેળવવું જ જોઇએ. અને શ્રીહરિને કરેલી ગાંડીઘેલી પ્રાર્થનાનું ફળ તો ભક્તોને મળતું જ હોય છે.

જીવનનું એક ધ્યેય નક્કી કરીને, આયોજનપૂર્વક અથાગ પરિશ્રમ કરનાર વ્યક્તિ જીંદગીના સર્વોચ્ચ શિખરે પહોંચે છે. આમ જોવા જઇએ તો દરેક કામમાં જોખમ તો હોય જ છે, પણ તે જોખમનો વિચાર કરી નાહિંમત બનીને તેને છોડી દેવાય નહિ. પણ પડકારને ઉપાડી લેવામાંજ યુવાનીની મહત્તા છે.

જીંદગીની ટોચ પર બેઠેલાઓ કંઇ રાતોરાત સિદ્ધિના શિખરે પહોંચ્યા નથી. તેઓએ પણ લાંબી મંજીલ કાપી છે. વડીલોએ પણ પરિવારના યુવકોને પ્રોત્સાહકબળ પુરું પાડવું જોઇએ.

## ભક્તિએ ભૂલવણી વિનાનો માર્ગ

મહાદેવ ધોરિયાણી

ભાવને સમજવાનું શિક્ષણ અર્થાત્ ભક્તિની સાધના. જે બીજાના ભાવને સમજતો થયો તે ભક્ત. ભક્ત વિચારવાનું છોડીને ભાવથી, પ્રેમથી જીવવાનું શરૂ કરે છે અને ત્યારે તેનામાં બીજાના દોષ જોવાની વૃત્તિ રહેતી નથી. તેને તો સફળ અસ્તિત્વમાં પરમ કૃપાળુ પરમાત્માના જ દર્શન થાય છે. ભગવાનના સાનિધ્યમાં રહીને જીવન વ્યતિત કરવાનો જે અનેરો આનંદ છે, જે સુખ છે તેની તુલના કોની સાથે થઇ શકે ? તે એક અનેરો, અનોખો અને અનુપમ આનંદ છે.

ભક્તિ કોને કહેવા ?

ભક્તિનો અભિપ્રાય છે હૃદયં સમર્પણ. આપણો કોઇકના વિશેષ ગુણોથી પ્રસન્ન થઇને એમને આપણી શ્રદ્ધા સમર્પિત કરીએ છીએ એ ‘ભક્તિ’ છે. ભક્તિનો અર્થ સદાકાળ ભગવાનને આધીન થઇ રહેવું માટે ભક્તિમાર્ગ વડે પ્રભુને સતત પાસે રાખો.

ભક્તિમાર્ગ એટલે શું ?

ભક્તિમાર્ગ એટલે પોતાના અહ્મનું સંપૂર્ણ વિસર્જન કરીને પોતાની જાતનું, પોતાના સર્વસ્વનું પ્રભુ ચરણે સંપૂર્ણ સમર્પણ. ભગવદ્દર્શનમાં બાધારૂપ થાય. તેવી કોઇપણ ચીજને અંતરમાં સ્થાન આપવું ન જોઇએ. “ભગવાનનું સ્મરણ-ચિંતન કોઇપણ રીતે કરો એથી કલ્યાણ જ થાય; જેમ પુરણપોળી સીધી પકડીને ખાવ કે આડી પકડીને ખાવ પણ ગળી જ લાગે”

ભક્તિથી જ ભગવાન શક્તિ આપે છે, આ અમોઘ શક્તિથી જ સમાજની સેવા થઇ શકે છે. ગીતાકાર કહે છે કે, “જે મનુષ્યો પોતાના સર્વ કર્મ મારામાં સમર્પિત કરીને તથા અનન્યભાવે ભક્તિ કરતા રહે, મારી સેવામાં મગ્ન રહી અને પોતાના મનને મારામાં સ્થિર કરી નિરંતર મારું ધ્યાન કરે છે, તેમના માટે હે પાર્થ ! હું જન્મ-મરણરૂપી સાગરમાંથી તેનો તત્કાળ ઉદ્ધાર કરનારો થાઉં છું.”

ટૂંકમાં ભક્તિ એ પરમ શક્તિ છે અને ભક્તિના મારગમાં પરમાત્મા હંમેશા સાથેજ હોય છે. ભકતનું હૃદય એ ભગવાનનું નિવાસ્થાન છે. મનુષ્યના હૃદયમાં જ્યારે ભક્તિનો ઉદય થાય છે ત્યારે તેનાથી શક્તિશાળી બીજું કોઇ હોતું નથી. કારણ કે, ત્યારે ભગવાન પણ તેને વશ હોય છે. ભક્ત ગમે તેટલો નિર્બળ હોય, પરંતુ પરમકૃપાળુ પરમાત્મા સાથે તેનું અનુસંધાન થતાં જ તેની સઘળી નિર્બળતાઓ આપોઆપ દૂર થઇ જાય છે, અને તે આનંદ સમાધિનો અધિકારી બની જાય છે. “પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ” “વળી જે કોઇ મને પ્રેમ ભક્તિથી પાન, પુષ્પ, ફળ, જળ વગેરે જે કાંઇપણ પ્રભુ પ્રિતી અર્થે નિષ્કામભાવથી સ્વાર્થ

રહિત અર્પણ કરે છે, એટલે કે અન્યના હિતાર્થે ઉપયોગ કરે છે તેવા શુદ્ધ બુદ્ધિવાળા ભક્તના શ્રદ્ધા ભરેલા પદાર્થોનો હું પ્રેમપૂર્વક સ્વીકાર કરું છું.''

''હે અર્જુન ! પ્રભુની શ્રદ્ધાપૂર્વકની ભક્તિ અને પ્રાણીમાત્રમાં પ્રભુને નિરખવા એ પ્રભુમય થવાનો રાજમાર્ગ છે. એ ભૂલવણી વિનાનો સરળ રસ્તો છે. માટે તું મારામાં જ મન રાખ, મારો જ ભક્ત થા, મન-કર્મ-વચને મારું જ પૂજન કર. એવી રીતે સર્વભાવથી એક જ પ્રભુને શરણે રહેવાથી તું મને પામીશ.''

ઉપાસના એટલે શું ?

ઉપાસનાનો અર્થ છે નજીક બેસવું. માત્ર શારીરિકઢંગથી પાસે બેસવું એટલું અગત્યનું નથી, પરંતુ સદ્‌ગુરુના વિચારોની પાસે આપણા મનને બેસાડવું તે ઉપાસના છે. ખરેખર લક્ષ્યનું યથાર્થ જ્ઞાનનું પ્રગાઢ અને નિરંતર ચિંતન એજ ઉપાસના છે. ઉપવાસનો અર્થ છે પ્રભુની સમીપે વસવું તે ઉપવાસ. ઉપ એટલે સમીપે અને વાસ એટલે વસવું. પૂજા એટલે શું ?

પવિત્ર કર્મ અને સાદાચાર સમાન કોઈ પૂજા ન હોઈ શકે, ભાવપૂર્વક કર્મ કરવું એ પૂજા છે. **Work Is Workship** બધાથી મોટી પૂજા મન, વાણી અને કર્મોની પવિત્રતા છે. સદ્‌ગુરુની ઉપાસના, શ્રદ્ધા અને પૂજા એટલા માટે માન્ય છે. કારણ કે, આપણા જીવનમાં સદ્‌ગુણોની જરૂરિયાત છે. આંતરિક તૃપ્તિ માટે જ્ઞાન, ભક્તિ, ઉપાસના અને શ્રદ્ધા અનિવાર્ય છે.

## ભક્તના સુખે સુખી અને દુઃખે દુઃખી ભગવાન ભક્ત નાભાજીની વાત

વેકરીયા હસ્મિતા લાલજી
સુખપર-જુનોવાસ

અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ ભક્તાધિન ભગવાનને કોટિ કોટિ નમન અને વાચક મિત્રોને જય શ્રીસ્વામિનારાયણ. ભક્તો જરા મનથી વિચાર કરીએ કે ભગવાનના ભક્તને દુઃખ આપવાથી કે અપરાધ કરવાથી આપણે કોના ગુનેગાર થઈએ છીએ ?

એક મોટા વનની અંદર એક નાનો બાળક રડતો હતો. તે વખતે એક સાધુ ત્યાંથી નીકળ્યા. ઝાડની છાયામાં બાળકને રડતા જોઈને સાધુને દયા આવી તેથી બાળકને તેડી લીધો. પછી પોતાના કમંડલમાંથી પાણી છાંટ્યું તેથી બાળકે આંખ ઉઘાડી. ત્યાંથી સાધુ અગલ નામના ગામમાં આવ્યા, ત્યાં અગ્રદાસ નામના મોટા સંત રહેતા હતા. તેમને આ બાળક સોંપ્યું. એ બાળક એક વિધવા બ્રાહ્મણીનો હતો, તેના દેશમાં દુષ્કાળ પડ્યો હતો તેથી પોતાના પ્રાણપ્યારા પુત્રને જંગલમાં મૂકી આવી હતી.

તે બાળક અગ્રદાસના મઠમાં રહીને મોટો થવા લાગ્યો. ત્યાં રહીને રાત-દિવસ સંતોની સેવા કરતો હતો. સમય જતા તે બાળક સાત વર્ષનો થયો. એક દિવસ સંત ધ્યાનમાં બેઠા હતા. તે બાળક પ્રેમથી પંખો નાખતો હતો. એવામાં બન્યું એવું કે અગ્રદાસનો એક વણિક શિષ્ય વહાણમાં માલ ભરીને દરિયામાં આવતો હતો. મધ્ય દરિયામાં આવતા તૂફાન ઉપડ્યું, તેથી વહાણ ડોલવા લાગ્યું તેથી તે શિષ્ય પોતાના ગુરુદેવને પ્રાર્થના કરવા લાગ્યો. ''હે ગુરુદેવ! મારી નૌકા ડૂબી રહી છે, આપ કૃપા કરીને મને

બચાવો, ને હું પાર ઉતરી જઈશ તો આ બધો માલ તમને અર્પણ કરી દઈશ.'' ધ્યાનમાં બેઠેલા અગ્રદાસના કાને શિષ્યનો નાદ સંભળાયો તેથી તેમણે પોતાના યોગબળથી બ્રહ્માંડના વાયુને ખેંચતા બહુજ પરિશ્રમ પડ્યો. ત્યારે બાળક બોલ્યો કે, ''હે ગુરુદેવ! શા માટે આટલું કષ્ટ લીધું, આપના યોગબળના પ્રતાપે વહાણ પાર ઉતરી જાત'' આ શબ્દો સાંભળતા જ ગરુદેવનું ધ્યાન ભંગ થયું. આંખ ઉઘાડી બાળકને પુછ્યું કોણ બોલ્યું, ત્યારે બાળકે કહ્યું કે એ તો હું જ બોલ્યો હતો. ત્યારે ગુરુદેવે બાળકને કહ્યું કે મારી નાભીની વાત તને કેમ જાણવામાં આવી ? ત્યારે બાળકે કહ્યું કે, ''હે ગુરુદેવ! આપ જેવા મોટા સંતોની સેવામાં અનેરો ચમત્કાર ભરેલો છે.'' બાળકે વાત કરી કે, નારદજી પહેલા એક દાસીપુત્ર હતા, તેમની માતા સંતોની સેવા કરતા, સંતોને ભોજન જમાડતા અને વધેલો પ્રસાદ દિકરાને જમાડતા. એમ કરતા દાસી દેવ તુલ્ય બની ગઈ. તેના દિકરાએ જંગલમાં ખૂબ ઉગ્ર તપ કર્યું. બીજા જન્મે તે બ્રહ્માના પુત્ર નારદજી થયા. બાળકની તે વાત સાંભળીને ગુરુદેવ આનંદ પામ્યા અને કહેવા લાગ્યા કે તે આજે મારી નાભીની વાત જાણી લીધી માટે આજથી તારું નામ નાભાજી રહેશે. હવે તું જનકલ્યાણ માટે ભક્તમાળ નામનો ગ્રંથ રચવાની શરૂઆત કર. ત્યારે બાળકે કહ્યું હે ગુરુદેવ! ભગવાનના ગુણલા ગાઉં પણ ભક્તના જીવનચરિત્રની માહિતી મને ક્યાંથી હોય? ગરુદેવે કહ્યું કે મારી નાભીની વાત જાણી તેથી તને ભક્તોની માહિતી પણ જાણવામાં આવશે.

બાળકે સેવા કરતા એક દિવસ સુવાની તૈયારી કરી ત્યાં તો મૂર્તિમાંથી અવાજ આવ્યો. તે સાંભળીને નાભાજી તો સ્થિર થઈ ગયા ને કહ્યું પ્રભુ તમે! પ્રભુએ કહ્યું કે, હે નાભાજી! આ અગ્રદાસ આખો દિવસ પૂજા કરીને મને અકળાવી નાખે છે. હવે તો તારા જેવા સાથે રમવાનું મન થાય છે. ત્યારે નાભાજીએ કહ્યું હું પણ કંટાળી ગયો છું. પછી બાલ સ્વરૂપ ભગવાન મંદિરમાંથી બહાર આવી નાભાજી સાથે રમવા લાગ્યા. લખોટીએ રમતા ભગવાન નાભાજીની સર્વે લખોટીઓ જીતી ગયા. તેથી નાભાજી હારી ગયા એટલે ઉદાસ થઈ ગયા. ત્યારે ભગવાને નાભાજીને ૧૦ લખોટી આપતા કહ્યું લે આ તને ઉછીની આપું છું અને ફરી ભક્ત અને ભગવાન રમવા લાગ્યા. અખિલ બ્રહ્માંડોને આંખના ઈશારાથી નચાવે તેવા નટવર ભક્તની પાસે દાવ ચૂકવા નાભાજીએ ભગવાનની બધી લખોટીઓ જીતી લીધી. એટલે પ્રભુ રડવા લાગ્યા, પ્રભુને રડતા જોઈને નાભાજીને દુઃખ થયું, રમત પડતી મૂકીને પ્રભુ પાસે આવ્યાને ભગવાનના આંસુ લૂછતાં કહ્યું કે, પ્રભુજી! લ્યો લખોટી હવે તો છાના રહો. એમ કહ્યું એટલે પ્રભુ રાજી થયા અને કહ્યું કે, નાભાજી હવે તો મને ખૂબ ભૂખ લાગી છે. નાભાજીએ કહ્યું કે રાતના બાર વાગી ગયા, આજે ભૂખ્યા સૂઈ જાઓ. કાલે તમારા માટે પ્રસાદીનો દડિયો ભરી લાવીશ. ભગવાને કહ્યું કે, ''ભલે ભૂલતો નહિ, દિવસે તો ઘણાય ભોગ ધરાવે છે પરંતુ રાત્રે તો કોઈ પુછતું નથી.'' આપણે બંને પ્રસાદ જમીશું. એમ કહીને સૂઈ ગયા.

બીજે દિવસે પ્રભુના વાયદા પ્રમાણે નાભાજીએ કહ્યું કે પ્રભુ આજ તો સંતોની

પ્રસાદીમાંથી બે દડિયા ભરીને લાવ્યો છું. પ્રભુએ કહ્યું કે લાવ-લાવ આજ તો ખૂબ જ ભૂખ લાગી છે. નાભાજીએ દડિયા પ્રભુને આપ્યા. જમતાં-જમતાં પ્રભુએ કહ્યું કે, ''નાભાજી તારા પ્રસાદમાં તો અમૃતથી અધિક મીઠાસ આવે છે.'' ત્યાં તો ગુરુદેવ જાગ્યા, અને ત્યાં આવી પહોંચ્યા ને જોયું તો નાભાજી પ્રભુને પ્રસાદ જમાડે છે. પ્રભુ તો તરત જ મંદિરમાં ચાલ્યા ગયા ને બિચારા નાભાજી ગુરુદેવની ઝાપટમાં આવી ગયા. ગુરુદેવ તો બાળક નાભાજીના કાન પકડીને બે-ચાર તમાચા મારીને કહ્યું કે લુચ્ચા મારા ભગવાનને સંતોનો પ્રસાદ ખવડાવે છે ? બિચારો નાભો ગાલને પંપાળતો રહ્યો, આંખમાંથી આંસુ પડવા લાગ્યા, બાળક નાભાજી ડુસકા ભરતો ભરતો ગોદડીમાં મોં નાખીને સૂઈ ગયો.

બીજે દિવસે પ્રભાત થયું ત્યારે ગુરુજીએ ભગવાન આગળ મંગળ ભોગ ધર્યો પણ પ્રભુ જમ્યા નહિ ત્યારે ગુરુજીએ પુછ્યું તોય પ્રભુએ કાંઇ જવાબ ન આપ્યો અને મુખારવિંદ ફેરવી નાખ્યું. પ્રભુના બંને ગાલ લાલચોળ થઈ ગયા તે જોઈને ગુરુજીએ કહ્યું કે, ''અરે..રે... આ શું થયું, કયા અપરાધથી તમારા ગાલ સુઝી ગયા છે.'' ત્યારે પ્રભુએ કહ્યું કે તમે અર્ધરાત્રે બાળક નાભાજીના ગાલ ઉપર તમાચો મારીને સુઝાવી નાખ્યા હતા તે તમને યાદ છે? તમે ગમે તેમ માનતા હો પણ મારા અને ભક્તના શરીર જુદા છે પણ પ્રાણ તો એક જ છે. હું ભક્તોના દુઃખે દુઃખી અને સુખે સુખી છું.

ત્યારે ગુરુજીએ કહ્યું નાભો તમને સંતોનો પ્રસાદ જમાડતો હતો એટલે મેં તેને માર્યું. પ્રભુએ કહ્યું કે નાભાજી મને શું જમાડતો હતો અને કયા ભાવથી જમાડતો હતો એ તમને ખબર છે? હું વસ્તુ જોતો નથી પણ ભક્તના ભાવને જોઉં છું. ગુરુજીએ કહ્યું કે મારો અપરાધ ક્ષમા કરો ત્યારે ભગવાને કહ્યું કે હું ક્ષમા કરું, પણ તમે અપરાધ નાભાજીનો કર્યો છે માટે ક્ષમા તો નાભાજીની જ માંગો. ત્યારે ગુરુદેવ કહ્યું કે તમારા ગાલ ઉપર સોજો થયો છે તે કેવી રીતે મટશે ? ત્યારે પ્રભુએ કહ્યું નાભાજીના ગાલ ઉપર શેક કરો તો મારો સોજો ઉતરી જશે. ગુરુજીએ નાભા પાસે માફી માંગતા કહ્યું કે નાભા મને ક્ષમા કર, મેં તને ખૂબ માર્યો એટલે તારો અપરાધ થયો છે. આમ કહીને ગુરુજીએ નાભાના ગાલ ઉપર શેક કર્યો તેથી ભગવાન અને નાભા બંનેના ગાલ પરથી સોજો ઉતરી ગયો. અને ભગવાન પ્રસન્ન થઈ ગયા અને નાભાજીએ ભક્તમાળ ગ્રંથ લખવાની શરૂઆત કરી હતી.

ભક્તો આ વાત પરથી જાણવા મળે કે ક્યારેક જાણે-અજાણે ભગવાનના ભક્તનો દ્રોહ કે અપરાધ ન કરવો. શ્રીજીમહારાજે વચનામૃતમાં પણ કહ્યું છે કે જીવ તો અજર ને અમર છે. પરંતુ એમ પણ વાર્તા કરી છે કે ભગવાનના ભક્તનો દ્રોહ કરનારને પંચ મહાપાપ કરતા પણ અધિક પાપ લાગે છે. અને આગળ સમય જતાં તેનું ભુંડું થાય છે અને તેના જીવનો નાશ થઈ જાય છે. માટે ભક્તના અપરાધ કરવાથી ભગવાનના ગુનેગાર થઈએ છીએ. માટે ભગવાનના ભક્તનો ત્યારેય અપરાધ કે દ્રોહ ન થાય તેવી ભગવાન શક્તિ આપે અને સૌનામાંથી ગુણ ગ્રહણ કરવાની પણ શકિત આપે એજ શ્રીનરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના..

## પુનર્જન્મ

ધરમશીભાઈ દેવશી ભગત - રવાપર હાલે ત્રિવેન્દ્રમ

અરદેશરજીના આમંત્રણથી મહારાજ સુરત શહેરમાં પધાર્યા. સવારી શહેરના માર્ગથી પસાર થતી હતી. ઢોલ, નાગારા ને શરણાઈઓ વાગતી હતી. સવારીને જોવા માનવ મહેરામણ ઉમટ્યો હતો. અવાજ સાંભળી એક ધનાજય વૈષ્ણવનો છોકરો કહે બાપા મારે આ સવારી જોવા જવી છે. બાપાએ ના પાડી એ ન જોવાય. એ સ્વામિનારાયણની સવારી છે તે કામણ ટૂમણ કરે છે તેની નજર લાગે તો કંઈક થઈ જાય. તું એક નો એક દિકરો છો. બધા જાય છે તો મને શા માટે ના પાડો છો ? ઘરનો ચોકીદાર બોલ્યો અરે જાને દો ના લડકા હૈ દેખને દો રજા દો તો હમ લેકે જાવે બાપ કહે ઠીક હૈ લે જાઓ ઓર સંભાલના. ચોકીદાર છોકરાને લઈને ચાલ્યો મહારાજ ઘોડે સવાર હતા કિંમતી જરિયાની વસ્ત્રો ધારેલા મહારાજની નજર છોકરા પર પડી બંને નજર એક થતાં છોકરાના પૂર્વના ભાગ્ય જાગી ઉઠ્યાં છોકરો રડવા લાગ્યો હિબકે ચડ્યો, ચોકીદાર કહે બેટા રોના મત, તેરા બાપ મુજકો ડાટેગા, ચોકીદાર છોકરાને લઈ ઘેર આવ્યો ને કહ્યું શેઠજી તમે કહેતા હતા તે સાચું થયું. છોકરાને સ્વામિનારાયણની નજર લાગી ગઈ રડતો બંધ નથી થતો. તું એક કામ કર લે આ પૈસા ને જા આપણા ગુરુ ગૌસાઈજી પાસે. ફૂલહાર લેતો જા ને પ્રસાદમાં પતાસાં લેતો જજે, ગુરુને ભેટ ધરજે ને નજર ઉતરાવી આવજે. ચોકીદાર છોકરાને લઈ ગુરુને ઘેર જતો હતો. રસ્તામાં છોકરાએ પૂછ્યું સ્વામિનારાયણનો ઉતારો ક્યાં છે ? મને ત્યાં લઈ જાવ. ના ના તારો બાપ મને નોકરીમાંથી કાંઢી મૂકે, અરે બાપાને ક્યાં ખબર છે ક્યાં જઈ આવ્યા. તમે બોલશો નહિં લે આ ૧૦ રૂપિયા. એક સૈનિકને પૈસા આપી મહારાજનો ઉતારો ક્યાં છે જાણી લીધું. ભાઈચંદભાઈને ઘેર મહારાજનો ઉતારો હતો. ચોકીદાર છોકરાને લઈ ત્યાં ગયો. લાવેલી ભેટ ને પ્રસાદ મહારાજને ચરણે ધર્યા ભેટ મૂકી. છોકરાને જોઈ મહારાજ બોલ્યા અરે આને તો ક્યાંક જોયો છે આ જન્મમાં પૂર્વ જન્મમાં. દક્ષિણ ભારતમાં કાવેરી નદીના કિનારે આવેલ શ્રીરંગક્ષેત્રમાં વાડીમાં બગીચાનો માળી હતો. નીલકંઠ રૂપે અમે ત્યાં પધારેલા ત્યારે અમે એ બગીચામાં બેઠેલા બપોર થતાં તું ઘેરથી લાવેલ ભાતું જમવા બેઠો તે અમને સવારથી બેઠેલા ને ભૂખ્યા હશે જાણી તારું ભાતું અમને આપી દીધું એક પવિત્ર સંત જાણીને અમે તેનો ભાવ જોઈ જમ્યા તેને કેળા લાવી આપ્યાં તે પણ જમ્યા અમે પછી ચાલી નીકળ્યા ત્રીજે દિવસે આ માળીને સાપ કરડ્યો ને મૃત્યુ પામ્યો. બીજો જન્મ સુરતમાં આ વૈષ્ણવ શેઠને ઘેર થયો તારા પુણ્ય ઉદય થયા ને અમારાં દર્શન થયાં. છોકરાએ આંખો બંધ કરી પૂર્વ જન્મની યાદ આવી ભાનમાં આવી કહે તમે તો ઈશ્વર છો હવે મારે સંસારમાં નથી પડવું મને તમારી સેવામાં રહેવું છે ઘેર નથી જવું. મહારાજ કહે તમારો બાપ વૈષ્ણવ છે રજા નહિ આપે એક કામ કર ઘેર રહીને ભજન કરજે અમે તારું કલ્યાણ આ સંતોની હારે કરશું. છોકરો ઘેર ગયો શેઠે પૂછ્યું ગોસાઈ ને પગે લગાડ્યો ને ! ચોકીદાર કહ્યું હા શેઠ સારું થઈ ગયું. એકવાર જેનું જમ્યા તેનું ફળ તો જુઓ કરેલા પાપ પીછો છોડતાં નથી તેમ કરેલું પુણ્ય પણ પીછો છોડતું નથી.

## ગાંધીધામ ગોલ્ડન સિટી મધ્યે ઉજવાયો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

ભુજ મંદિર સંચાલિત આદિપુર મધ્યે શ્રીસ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં તા.૨૦/૧૧/૨૦૨૪ થી ૨૪/૧૧/૨૦૨૪ સુધી શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતુ. ઉત્સવના કથાના યજમાન પદે સમસ્ત ગોલ્ડન સિટીના સત્સંગીઓ રહ્યા હતા.

તા.૧૦/૧૧/૨૦૨૪ ના મહંત સ્વામી અને વડિલ સંતો તેમજ હરિભક્તોની હાજરીમાં ઉત્સવના વિજય ધ્વજ ફરકાવી અને ઉત્સવની શરૂઆત થઈ હતી.

તા.૨૦/૧૧/૨૦૨૪ ના દિવસે શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથરાજનું પૂજન સંતો અને યજમાનશ્રીઓના વરદ્ હસ્તે કરી અને ભવ્ય પોથીયાત્રાનું આયોજન કરવામાં આવ્યુ હતું. પોથીયાત્રા સમાપ્ત થયા બાદ તરત કથાનું પહેલુ સત્ર શરૂ કરી દેવામાં આવેલું જેમાં વકતાશ્રીએ સત્સંગિજીવનનું માહાત્મ્યથી ઉત્સવની શરૂઆતમાં જ સર્વે ભકતજનોને આનંદિત કર્યા હતા. અને શાસ્ત્રનો મહિમા કહ્યો હતો.

તેજ દિવસે સાંજના સત્રમાં શહેરના સત્સંગને અનુરૂપ પ્રેઝન્ટેશનના માધ્યમથી શાસ્ત્રી સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ મનુષ્ય જન્મની દુર્લભતા અને મનુષ્ય જીવનમાં મંદિરનું શું મહત્ત્વ છે તે સમજાવ્યું હતું.

તા.૨૧/૧૧/૨૦૨૪ ના શુભ દિવસે અમદાવાદ દેશના આચાર્ય પ.પૂ.ધ.ધુ.આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ્ હસ્તે તેમજ ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડિલ સંતોની હાજરીમાં નૂતન મંદિરમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ, શ્રીનરનારાયણદેવ, શ્રીરાધાકૃષ્ણદેવની પ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યારબાદ આચાર્ય મહારાજશ્રી, મહંત સ્વામી આદિ વડિલ સંતોએ ઉત્સવમા આવેલ સર્વે યજમાનો અને હરિભક્તોને આશીર્વાદ અને દર્શનનું સુખ આપ્યું હતું.

ત્યારબાદ બપોરપછીના સત્રમાં પી.પી.ટી. દ્વારા શાસ્ત્રી સ્વામી ઘનશ્યામનંદનદાસજીએ જીવન ઉપયોગી કુટુંબમાં સંપ-સુખ રહે તે માટે મહત્ત્વની બાબતો ઉપર પ્રેઝન્ટેશન કર્યું હતું.

ઉત્સવમાં સભા સંચાલક શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી રહ્યા હતા. અને શાસ્ત્રી સ્વામી ધ્યાનસ્વરૂપદાસજી, સ્વામી

વાસુદેવપ્રિયદાસજી સંગીત અને ગવૈયા તરીકે સેવા આપેલ હતી.

આ કથામાં વક્તાપદે શાસ્ત્રી સ્વામી સુખનંદનદાસજી, શાસ્ત્રી સ્વામી આનંદસ્વરૂપદાસજી અને શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી રહી અને શ્રીમદ્ સત્સંગિજીવન શાસ્ત્રના માધ્યમથી ભગવાનનાં મહિમાની, સંત મહિમાની, મંદિર મહિમાની વાતો કરી અને સર્વે ભક્તોને રાજી કર્યા હતા.

રાત્રી કાર્યક્રમમાં મહિલા મંચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાં.યો. બહેનો દ્વારા અત્યારનાં યુગમાં યુવાન બહેન-દીકરીઓને જીવનમાં કેવી રીતે જીવવું તે સિવાય પણ અનેકવિધ વિવેકની અને જીવન ઉપયોગી વાતો કરી અને યુવાન દીકરીઓને માર્ગદર્શન આપ્યું હતું.

તા.૨૩/૧૧/૨૦૨૪ ના રોજ ઉત્સવનો માધ્યમ બનાવીનો વિશાળ બાલમંચનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એક હજારથી વધારે બાળકોએ ભાગ લીધો હતો. અને તેમાં શાસ્ત્રી સ્વામી ઘનશ્યામનંદનદાસજી, સ્વામી વાસુદેવપ્રિયદાસજી અનો સ્વામી આનંદસ્વરૂપદાસજીએ ખૂબ મહેનત કરીને બાળકોને ભગવાનની ભક્તિમય કરી દીધાં હતા. છેલ્લે સદ્ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજીએ બાળકોને આશીર્વાદ આપ્યા હતા.

આ ઉત્સવમાં શાસ્ત્રી સ્વામી પતિતપાવનદાસજી, શાસ્ત્રી સ્વામી ઘનશ્યામનંદનદાસજી, સ્વામી ઉત્તમપ્રિયદાસજી, સ્વામી ધર્મકિશોરદાસજી, સ્વામી ન્યાલકરણદાસજી, સ્વામી નારાયણદાસજી, કોઠારી પાર્ષદ ખીમજી ભગત અને શાસ્ત્રી સ્વામી નારાયણપ્રિયદાસજીએ ખૂબ મહેનત અને સેવા કરી ઉત્સવને સફળ બનાવ્યો હતો.

સમગ્ર ઉત્સવ સદ્ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજીના માર્ગદર્શન હેઠળ ઉજવાયો હતો.

અ - શા.સ્વામી પતિતપાવનદાસજી







# કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક યુવતી મંડળ આયોજીત
# "મારી વાણી મારું સ્વરૂપ"
## એકવીસમી સત્સંગ શિબિર સંપન્ન





મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી અને વડિલ સંતોના આશીર્વાદ તથા માર્ગદર્શન મુજબ દર વર્ષે નૂતન વર્ષના પ્રારંભમાં જ શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક યુવતી મંડળની પંચ દિવસીય આવાસીય સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવે છે. જેમાં હજારો યુવાનો તથા યુવતીઓ ઉત્સાહભેર ભાગ લઈ જીવન જીવવાની અને ભગવાન ભજવાની કળા શીખે છે.

તા.૫/૧૧/૨૦૨૪ થી તા. ૯/૧૧/૨૦૨૪ સુધી એકવીસમી સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ સમગ્ર ભારતભરમાંથી ૩૦૦૦ થી વધારે યુવા-યુવતીઓએ ભાગ લીધો હતો. આ વર્ષે કિશોર વયના યુવકો અને યુવતીઓ પણ શિબિરમાં ભાગ લીધો હતો. જેના માટે અલગ સત્સંગ કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. તમામ શિબિરાર્થીઓને યથા યોગ્ય માર્ગદર્શન આપી જીવનનું ઘડતર કરનારા ૫૦ થી વધારે સંતો તથા ૧૦૦ જેટલાં સાં.યો.બહેનો પૂર્વ તૈયારી સાથે ઉપસ્થિત રહ્યાં હતાં.

શુભારંભઃ- તા.૪/૧૧/૨૪નાં બપોર પછી સૌ યુવાનો શિબિર સ્થળે પહોંચી આવ્યા હતા. તા.૫/૧૧નાં વહેલી સવારે નિત્યવિધિ બાદ અલ્પાહાર કરીને સર્વે યુવાનો સફેદ વસ્ત્રો તથા કોટી ધારણ કરીને ઠાકોરજી તથા પૂજ્ય મહંત સ્વામીના સ્વાગત માટે સંકૂલના મુખ્ય દ્વારે પહોંચ્યા હતા.





ઠાકોરજીની પાલખી સાથે સૌ સંતો-ભક્તો વાજિંત્રની સાથે ધૂન ગાન કરતા સભા મંડપમાં પધાર્યા. પ્રથમ મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડિલ સંતોનું કાર્યકર્તા સંતો દ્વારા પુષ્પહારથી સ્વાગત કરવામાં આવ્યું. ૧૦૦ થી પણ વધારે સંતોની ઉપસ્થિતિમાં









પૂજ્ય મહંત સ્વામી આદિ વડિલ સંતોના વરદ્હસ્તે એકવીસમી શિબિરનું દીપ પ્રાગટ્ય થતાં તાળીઓના ગડગડાટ તથા જયઘોષની સાથે આખું વાતાવરણ ગુંજી ઊઠ્યું. દીપ પ્રાગટ્ય થયા બાદ પૂજ્ય પરમહંસદાસજી સ્વામીએ સૌને શાબ્દિક આવકાર આપ્યો હતો. તેમજ પૂજ્ય મહંત સ્વામીએ પોતાનો રાજીપો વ્યક્ત કરતાં કહ્યું કે, **"પાંચ દિવસ દરમિયાન સંતો તમને શિક્ષાપત્રીનું રહસ્ય સમજાવશે જેનાથી તમારું જીવન સુખમય પસાર થશે. આટલા બધા નિર્વ્યસની યુવાનોને જોઇને અમને અંતરમાં આનંદ વર્તે છે, આવાને આવા ચોખ્ખા આજીવન રહેજો. તમે ખૂબ ભાગ્યશાળી છો કે તમને સંતોના અને સાં.યો.બહેનોના દર્શન, સમાગમ અને આશીર્વાદથી શ્રીનરનારાયણદેવ પ્રત્યે નિષ્ઠા દૃઢ થાય છે."**

ત્યારબાદ એકવીસમી શિબિરનું થીમ કીર્તન **"પ્રભુ શું પ્રીતડી બંધાણી રે"** તેનું મ્યુઝીકલ વિડિયો દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું. જે કીર્તન સવાર-સાંજ નિત્ય ગાવવામાં આવતું હતું.



**પ્રેઝન્ટેશનઃ-** પહેલા દિવસના પહેલા સત્રમાં શાસ્ત્રી સ્વામી ઘનશ્યામનંદનદાસજીએ **“શિક્ષાપત્રીમાં મંગલાચરણ”** આ વિષય પર ખૂબ જ રસપ્રદ દૃષ્ટાંતો દ્વારા કેટલા પ્રકારના મંગલાચરણ છે, શા માટે મંગલાચરણ કરવું જોઈએ, આદિક પ્રશ્નનું સ્પષ્ટિકરણ કરતાં મંગલાચરણનું માહાત્મ્ય સમજાવ્યું હતું. બીજા દિવસે સવારનાં સત્રમાં શાસ્ત્રી સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ **“શિક્ષાપત્રીમાં મંદિર”** એ વિષય લઈને મંદિરનું ખૂબ જ મહત્ત્વ બતાવ્યું હતું. સવાર અને સાંજ નિત્ય મંદિરમાં જવું એ મહારાજની આજ્ઞા છે આવી ખાસ ભલામણ કરી હતી. ત્રીજા દિવસે શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજીએ **“શિક્ષાપત્રીમાં આહાર”** આ વિષયને લઈને આ લોક અને પરલોકના સુખ માટે શુદ્ધ અને પવિત્ર આહારની આવશ્યકતા સમજાવી હતી. ચોથા દિવસે **“શિક્ષાપત્રીમાં સત્શાસ્ત્ર”** આ વિષયને લઈને શાસ્ત્રી સ્વામી સંતસ્વરૂપદાસજીએ સત્શાસ્ત્રનું



વાંચન સહ અભ્યાસ કરવાનું મહત્ત્વ સમજાવ્યું હતું.

**આમંત્રિત પ્રવક્તાઓઃ-** સવારના સત્રમાં અલગ અલગ આમંત્રિત પ્રવક્તાઓ જીવનમાં ઉપયોગી એવા વિષયો ઉપર વક્તવ્ય આપેલું હતું. જેમાં શિબિરાર્થીઓના પ્રશ્નોના ઉકેલો પણ આપેલા હતા. પ્રથમ દિવસે ડો.ચિરાગ કુંડાલિયા “માનસિક સ્વાસ્થ્ય” ઉપર વકતવ્ય આપેલું, બીજા દિવસે ડો. જગદીશ હાલાઈ “મની મેનેજમેન્ટ” ઉપર વક્તવ્ય આપેલું અને ત્રીજા દિવસે વૈદ અમૃતભાઈ ગજ્જર “શારિરીક સ્વાસ્થ્ય” ઉપર આયુર્વેદિકની દૃષ્ટિએ વક્તવ્ય આપેલું હતું.

**વ્યાખ્યાન માળાઃ-** પહેલા દિવસે બપોર પછીના સત્રમાં સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ “શિક્ષાપત્રીમાં શરણાગતિ” એ વિષય ઉપર વ્યાખ્યા કરી હતી. બીજા દિવસે “શિક્ષાપત્રીમાં ઉપાસના” એ વિષય લઈને સ્વામી આનંદસ્વરૂપદાસજીએ સદ્‌ગુરુ સ્વામી શ્રીહરિદાસજી આદિક સંતોને સાથે રાખીને ચર્ચાના રૂપમાં “ઉપાસના” કોને કહેવાય, કેવી રીતે કરાય આદિક મુદ્દાઓનું સ્પષ્ટિકરણ કરવામાં આવ્યું હતું. ત્રીજા દિવસે “શિક્ષાપત્રીમાં ભક્તિ” એ વિષય ઉપર સ્વામી રામકૃષ્ણદાસજીએ વિવિધ ઉદાહરણોની સાથે “ભક્તિ” પર વ્યાખ્યા કરી હતી. ચોથા દિવસે “શિક્ષાપત્રીમાં મોક્ષ” એ વિષય ઉપર શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજીએ કરી



હતી. પાંચમા દિવસે શાસ્ત્રી સ્વામી ભક્તવત્સલદાસજીએ નિત્ય સાંજની કથામાં ગવાતું ધોળ પદ “આજ આનંદ મારા ઉરમાં...” એના ઉપર વિશ્લેષણ કરેલું હતું.

**નિત્ય-નિયમઃ-** દરરોજ વહેલી સવારે પ્રાતઃકાળે ૫ વાગ્યે ઊઠી ધ્યાન-સ્નાન કરીને સૌ યુવાનો પૂજા કરવા સભા મંડપમાં આવી જતા. ત્યારબાદ આરતી, ધૂન, સ્તુતિ કરી અલગ અલગ દિવસનું અલગ અલગ આયોજન રાખવામાં આવેલું હતું. જેમ કે, પ્રથમ દિવસે વિદ્યાર્થી સંત માધવજીવનદાસજીએ શિક્ષાપત્રી મહિમાની કથાનું શ્રવણ કરાવેલ હતું. બીજા દિવસે શિક્ષાપત્રીનું સમુહ પૂજન કરવામાં આવેલું હતું. ત્રીજા દિવસે સંત












મોહનપ્રસાદદાસજી સ્વામીએ શિક્ષાપત્રીનો ૨૫ માં શ્લોકની કથાનું શ્રવણ કરાવેલું હતું, ચોથા દિવસે શિબિર સ્થળથી ભુજ મંદિર પ્રભાતફેરી કાઢવામાં આવેલી હતી. અને અંતિમ દિવસે એટલે કે ગોપાષ્ટમીના દિવસે અગિયાર જનમંગલ સ્તોત્રના પાઠની સાથે ગાયનું પૂજન કરવામાં આવેલું હતું.







**ભોજન પ્રસાદઃ-** સવારની સભા પૂરી થયા પછી સૌ યુવાનો રસોડા વિભાગમાં અલ્પાહાર, બપોરે માનસીપૂજા કર્યા પછી ભોજન અને સાંજે વાળુ કરવા જતા હતા. હરિભક્તોના રસોડાની સેવા સંભાળતા સ્વામી રામપ્રિયદાસજી તેમજ સાથી સંતો-ભક્તો વિવિધ પ્રકારની વાનગીઓ બનાવીને સૌ યુવાનોને ભોજનનો આનંદ પમાડતા.

પ્રથમ દિવસે મૂળ સભામાં જ યુવાનોએ મહંત સ્વામી આદિ સંતોના આશીર્વચનો લીધા હતા. બપોર પછીના સત્રથી કિશોર વયના યુવા-યુવતીઓ માટે અલગ મંડપમાં એમની ક્ષમતા અનુરૂપ સંતોએ શિક્ષાપત્રીની સમજણ આપી હતી.

**પ્રેઝન્ટેશનઃ-** પહેલા દિવસના સત્રમાં સ્વામી કુંજવિહારીદાસજીએ “શિક્ષાપત્રીમાં સદાચાર” આ વિષય પર શિક્ષાપત્રીના આદેશ અનુસાર માતા-પિતાની તથા રોગાતુર મનુષ્યની સેવા કરવી, નિત્ય સંત સમાગમ કરવો, સ્વચ્છતા રાખવી વિગેરે સદાચારની રીત સમજાવી હતી.

બીજા દિવસે સવારના સત્રમાં સ્વામી નિર્ભયસ્વરૂપદાસજીએ “ઈર્ષ્યા” વિષય પર અભ્યાસ, ધંધો કે ભગવાનની ભક્તિ વિગેરે કોઈ બાબત હોય એમાં ઈર્ષ્યા ન કરવી. ઈર્ષ્યા માણસને અંદરથી બાળી નાખે છે માટે ભક્તોએ પરસ્પર સ્નેહ ભાવ રાખવો. બપોર પછીના સત્રમાં શાસ્ત્રી સંત સ્વામી “સત્શાસ્ત્ર અભ્યાસ” આ વિષય પર શિક્ષાપત્રીની આજ્ઞા પ્રમાણે આપણા ધાર્મિક જે ગ્રંથો તેનો અભ્યાસ કરવો. શાસ્ત્રના અભ્યાસથી સત્-અસત્, ધર્મ-અધર્મ વિગેરેનું સાચું જ્ઞાન મળે, આત્મા-પરમાત્માનું જ્ઞાન થાય. વિગેરે સત્શાસ્ત્રનું મહત્ત્વ સમજાવી યુવાનોને શાસ્ત્ર વાંચન તરફ વાળવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.

ત્રીજા દિવસો સવારના સત્રમાં “શિક્ષાપત્રીમાં મંદિર” આ વિષય પર પુરાણી સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ મંદિર શા માટે ? મંદિરમાં ભગવાનના દર્શન કરવાથી શું ફાયદાઓ

થાય છે ? વિગેરે વાતોથી મંદિરનું મહત્ત્વ સમજાવ્યું હતું. બપોર પછીના સત્રમાં સ્વામી રાઘવમુનિદાસજીએ "શિક્ષાપત્રીમાં નિત્યવિધિ" આ વિષય પર સવારથી લઈ રાતે શયન કરીએ ત્યાં સુધીનો વિધિવત્ નિત્ય ક્રમ કેવી રીતે કરવો તેની સમજ આપી હતી.

ચોથા દિવસે સવારના સત્રમાં "સંત મહિમા" વિષય પર સ્વામી પ્રેમવલ્લભદાસજીએ મોટા સંતોના જીવન અને વર્તમાન સંતોના જીવન જાણીએ તો મહિમા સમજાય. મહિમા સમજાશે તો જ સંતમાં હેત થશે. સંતો જ આપણને ભગવાન ઓળખાવે છે વિગેરે. બપોર પછીના સત્રમાં સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજીએ "શિક્ષાપત્રીમાં આહાર" આ વિષય પર આહારથી મનનું નિર્માણ થાય છે. અર્થાત્ જેવો આહાર તેવું મન અને જેવું મન તેવા વિચાર અને જેવા વિચાર એવું વર્તન થાય છે માટે શુદ્ધ અને પવિત્ર આહાર જ લેવો વિગેરેની સારી સમજણ આપી હતી.

પાંચમા દિવસે સવારના અંતિમ સત્રમાં સ્વામી મોરલીમનોહરદાસજીએ "શિક્ષાપત્રીમાં ભક્તિ" ભક્તિના મહિમાની સાથે નવ પ્રકારની ભક્તિ ભક્તોએ કેમ કરવી અને ભક્તિથી શું ફળ મળે વિગેરે બાબતથી નવયુવા ભક્તોને સારી સમજણ આપી હતી.

## પ્રવચન તથા આશીર્વાદ બિંદુઓ



**૧-ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજીઃ-** "આપણે સૌને વિચારવાનું છે કે મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે એ પ્રમાણે આપણે જીવીએ છીએ કે નહિં ? આપણી ક્યાંય ભૂલ થતી હોય તો આ શિબિરના માધ્યમથી એ ભૂલ સુધારવી."

**૨-કોઠારી પાર્ષદ જાદવજી ભગતઃ-** "સવાર સાંજ મંદિરે જવું અને કથામાં બેસવું એવી મહારાજની આજ્ઞા છે તો એની ટેવ પાડવી."

**૩-સદ્‌ગુરુ સ્વામી જગત્પાવનદાસજીઃ-** "તમે બધા ધામના મુક્તો છો પણ માયાના પ્રભાવથી તમને જણાતું નથી. આ સાધુનો મહિમા સમજજો અને એનો સમાગમ કરજો."

**૪-સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીઃ-** "શિક્ષાપત્રીની એક એક આજ્ઞાઓ તે રેખાઓ છે. જેટલા એની અંદર રહીશું એટલા આપણે સુરક્ષિત છીએ અને એટલી આપણા ઉપર ભગવાનની કરૂણા વરસે છે."

**૫-સદ્‌ગુરુ સ્વામી મહાપુરુષદાસજીઃ-** "સંતોનો સમાગમ આપણે આ શિબિરના માધ્યમથી મળે છે તો ખૂબ લાભ લેજો અને બીજાને શિબિરમાં આવવાની પ્રેરણા કરજો"

**૬-સદ્‌ગુરુ સ્વામી શાંતિપ્રિયદાસજીઃ-** "આ શિબિર કેવળ સાંભળવા માટે નથી પણ જે સાંભળ્યું એને અનુસરવા માટે છે. આપણું જીવન મહારાજને ગમે એવું બનાવવાનો પ્રયત્ન કરીએ."

**૭-કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજીઃ-** "શબરીને પોતાના ગુરુના વચનમાં વિશ્વાસ હોવાથી રામ ભગવાન ચાલીને તેને દર્શન દેવા આવ્યા, તેમ આપણે મહારાજના વચનમાં વિશ્વાસ હશે તો આપણે બધી પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત થશે."

**૮-સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજીઃ-** "યુવક મંડળની સભાના માધ્યમથી યુવાનો કથાવાર્તા કરતા તૈયાર થાય છે તે જોઈને અમને ખૂબ આનંદ થાય છે."

**૯-સ્વામી શ્રીપ્રકાશદાસજીઃ-** "ભાગ્યશાળી હોય તેને શિબિરમાં આવવા મળે, શિબિરમાં આવવાથી જીવન સુધરે છે."

**૧૦-સ્વામી મુક્તવલ્લભદાસજીઃ-** "શિક્ષાપત્રીના એક એક શ્લોકનું વાંચન સાથે મનન કરીએ કે મહારાજ મને શું ઉપદેશ કરે છે અને હું એને કેટલા પ્રમાણમાં અનુસરુ છું."

**૧૧-શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીઃ-** "ધર્મ વિના ભક્તિમાં શક્તિ નહિ આવે. આ શિક્ષાપત્રી મારા માટે છે, એક એક આજ્ઞા મારા માટે છે. મારી વાણી મારું સ્વરૂપ એટલે એવી ભાવના કે મહારાજ સ્વયં મને આજ્ઞા કરે છે અને એની સામે આપે દલીલ ન કરીએ પરતું નિષ્ઠાથી આજ્ઞાનું પાલન કરીએ."

**૧૨-શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીઃ-** "કેટલા મોટા આપણા ભગવાન અને કેટલા મોટા આ સંતો, એના વચ્ચે આપણે બેસવાનું મળ્યું છે તે અનંત જન્મના પુણ્યનું ફળ આજે આપણે મળ્યું છે. આ સત્સંગની સાચી સેવા એ છે કે સત્સંગ પ્રત્યે દિવ્યભાવ રાખવો."











**રાત્રી કાર્યક્રમઃ-** શાસ્ત્રી સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી આદિક સંતો વિવિધ રાત્રી કાર્યક્રમો ગોઠવેલ હતા. પ્રથમ રાત્રે યુવાનોને ‘‘કીર્તન અંતાક્ષરી’’ રમાડી હતી જેમાં સંતો અને હરિભક્તો સંગીત સાથે વિવિધ કીર્તનનું ગાયન કર્યું હતું. બીજી રાત્રીએ સંત સમાગમનું કાર્યક્રમ રાખેલું હતું, તેમજ ખૂબ મનોરંજન કરનારી ‘‘શિક્ષાપત્રી ચક્રવ્યુ’’ અને ‘‘કીર્તન ધામ’’ (મ્યુઝીકલ હાઉઝી) નામની ગેમ રમાડવામાં આવી હતી. આ તમામ ગેમ્સ ગમ્મતની સાથે જ્ઞાન ઉપજાવનારી હતી. ત્રીજી રાત્રીએ યુવાનો સ્વાનુભવ જણાવેલ હતા. અને છેલ્લી રાત્રે અદ્‌ભુત રાસનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં યુવાનો મન મુકીને રમ્યા હતા.

**નવનિર્મિત યુવક મંડળ સંત સમિતિઃ-** ભગવાન શ્રીસ્વામિનારાયણની કૃપાથી અને અ.નિ.મહંત સદ્‌ગુરુ સ્વામી હરિસ્વરૂપદાસજી તથા મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી ‘કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ’ છેલ્લા એકવીસ વરસથી દેશ-વિદેશમાં ખૂબ વિસ્તારને પામેલો છે જેનાથી હજારો લોકોનું વિવિધ પ્રકારે પોષણ થયેલું છે. આની પાછળનું કારણ સંતો, સાં.યો.બહેનો તેમજ હરિભક્તોની અગાધ મહેનત છે. પરંતુ કોઈપણ સફળ આયોજન પાછળ સુજ્ઞ આયોજક સમિતિ રહેલી છે. જ્યારે મહંત સ્વામી આદિક વડિલ સંતોએ યુવક મંડળની સંત સમિતિ નિમેલ છે ત્યારે દરેક સમિતિ ખૂબ ખંતથી સેવા કરેલ છે.

આ વરસે પણ મહંત સ્વામી દ્વારા નવી યુવક મંડળની સંત સમિતિ નિમાયેલી હતી, જે સમિતિ છેલ્લા છ મહિનાથી સક્રિય રહેલી છે. આ શિબિરમાં મહંત સ્વામીએ હારતોરા દ્વારા નવી સમિતિના સંતોને આશીર્વાદ આપેલા હતા.

**સમાપન :-** સદ્‌ગુરુ સ્વામી મુક્તવલ્લભદાસજીએ અંતે આભારવિધિમાં જે જે સંતો તથા હરિભક્તોએ આ શિબિરમાં જે કાંઈ પણ યોગદાન આપેલું હતું તેને યોગ્ય રીતે બિરદાવ્યા હતા.

સદ્‌ગુરુ સ્વામી પરમહંસદાસજીએ શિબિરના અંતે યુવાનોને ખાસ નિર્વ્યસની રહેવાની અને નિત્ય મંદિરે જવાની ભલામણ કરી હતી. સ્વામીએ કહ્યું, ‘‘આ શિબિર ‘સર્વિસ સેન્ટરની’ સમાન છે, અહિં આવીને માણસ સુધરીને નીકળવો જોઇએ. માનસીપૂજાના નિયમ રાખજો, કથામાં બેસવું, ચેષ્ટા ગાવવી ઈત્યાદિકની ટેવો પાડજો. સત્સંગને અચળ રાખજો અને મજબૂત થજો. અનમોલ કિંમતી જીવન વેડફી ન નાખજો, કોઇ વ્યસન કે કૂટેવો હોય તો ત્યજી દેજો અને રાજીપાના પાત્ર બનજો.’’ સ્વામીની આવી જોશ ભરેલ અને પ્રેરણાત્મક વાત સાંભળી ૫૦ જેટલા યુવકો અને યુવતીઓ પોતાની કૂટેવો છોડવાના નિયમો લીધા હતા.

પાંચ પાંચ દિવસથી શિબિર સ્થળને જ પોતાનું ઘર અને સંતોને જ પોતાના સંબંધી માનીને રહેલા યુવાનોએ શિબિરમાં આવી અનેક સંતોનો સમાગમ કરી આ લોક અને પરલોકનું ભાથું બાંધ્યું હતું. અનેકવિધ કાર્યક્રમોનો આનંદ માણતાં માણતાં પાંચ દિવસ કેમ પસાર થઈ ગયા તેની ખબર પણ ન પડી. પરંતુ છૂટા પડવાનો સમય આવતાં સૌ યુવાનો બાથમાં બાથ ઘાલીને અરસપરસ મળી, સંતોના આશીર્વાદ લઇ પોતપોતાના ઘર પ્રત્યે પ્રયાણ કર્યું.

**નાના નવયુવા-યુવતી વિભાગઃ-** આ વર્ષે એક નવો પ્રયાસ કરવામાં આવ્યો હતો જેમાં ૧૪ થી ૧૭ વર્ષ સુધીના કિશોર વયના ભક્તો માટે એમને સરળતાથી સમજાય એ માટે અલગથી સત્સંગ કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં કચ્છ, ગુજરાત અને ભુજ મંદિર સંચાલિત ગુરુકુળના વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ દરેક પ્રેઝન્ટેશનો નાના યુવા ભક્તોને સમજાય એ માટે સંતોએ ફોટા, વિડિયા અને પ્રેકટીકલ રીતે સમજાવવાનો પૂર્ણ પ્રયાસ કર્યો હતો. સાથે ગ્રુપ ચર્ચા રાખી યુવાનોના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.



**વિવિધ જ્ઞાનાત્મક ગેમઃ-** દરરોજ સવાર અને સાંજના સત્રમાં પ્રેઝન્ટેશન બાદ ભક્તોને જ્ઞાન સાથે ગમ્મત મળી રહે એવા હેતુથી વિવિધ ગેમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ડ બિલ્ડીંગ, ક્યુબ મેમોરી, ચરિત્ર મેમોરી, પ્રશ્નગેમ કહૂટ, શીખ જો..તો.., પ્રશ્નગેમ કે.બી.એન.વી., વન-ટૂ મિનીટ વિગેરે વિવધ ગેમો દ્વારા યુવા ભક્તોને આનંદિત કર્યા હતા.



**વડિલ સંતોના આશીર્વાદઃ-** ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજીએ કહ્યું જે, દર વર્ષે શિબિરમાં ભાગ લેજો અને અહીંથી કાંઇક લઇને જજો. શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રિયદાસજીએ ભગવાનમાં એક નિષ્ઠા રાખવી, યંત્ર, મંત્રમાં કે ખોટી જગ્યાએ માથા ટેકવવા નહિં. પુરાણી સ્વામી પરમહંસદાસજીએ જણાવ્યું હતું કે જીવનમાં કોઇપણ વ્યસન આવવા

ન દેજો. પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજીએ આહાર શુદ્ધિ વિષે વાત કરી કે બજારનું ખાણું-પીણું હોય છે તેમાં ગંદુ પાણી, માંસ વિગેરે ભેળસેળ કરવામાં આવે છે માટે એવા અશુદ્ધ, અપવિત્ર આહાર ક્યારેય ન લેવો. પુરાણી સ્વામી મહાપુરુષદાસજીએ કથા સાંભળવાની ભલામણ કરી હતી.

**સંતો-ભક્તોની સેવાઃ-** સેવાથી જ સફળ બને છે કાર્ય. દર વર્ષે સંતો શિબિરને સફળ બનાવવા માટે નાની મોટી ખૂબ જ સેવા કરતા હોય છે. શિબિરને સરળતા પૂર્વક સફળ બનાવવા માટે વિવિધ સમિતિની રચના કરવામાં આવે છે. સેવા આપનાર સંતોના નામઃ- કન્વીનર સ્વામી હરિસ્વરૂપદાસજી, સંચાલક સ્વામી કપિલમુનિદાસજી, સ્વામી શ્યામકૃષ્ણદાસજી, આઈ.ટી. સ્વામી રાઘવમુનિદાસજી, ઉતારા સ્વામી નિર્ભયસ્વરૂપદાસજી, સ્વામી વ્યાસસ્વરૂપદાસજી, સંત સેવા સ્વામી સુવ્રતમુનિદાસજી, સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, સ્વામી ઈશ્વરપ્રિયદાસજી અને વિદ્યાર્થી સંતો, રસોડું સ્વામી રામપ્રિયદાસજી, સભા મંડપ સ્વામી ભક્તિપ્રકાશદાસજી, સ્વામી કપિલજીવનદાસજી, વિદ્યાર્થી સંતો, સાહિત્ય-મેડિકલ વિભાગ સ્વામી કુંજવિહારીદાસજી, સ્વામી પ્રેમવલ્લભદાસજી, લાઈટ-સાઉન્ડ સ્વામી વેદપ્રકાશદાસજી, સ્વામી ન્યાલકરણદાસજી, મિડિયા સ્વામી હૃદયપ્રકાશદાસજી, સંગીત સ્વામી ભજનપ્રકાશદાસજી, સ્વામી ધ્યાનસ્વરૂપદાસજી, સ્વામી વાસુદેવપ્રિયદાસજી, ગેમ સ્વામી નીલકંઠજીવનદાસજી વિગેરે. મદનપુર, માધાપર, નાગલપર વિગેરે ગામોના ભક્તોએ પણ ખૂબ સેવા આપી હતી.

અ - કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ કાર્યાલય

## ભુજ પ્રસાદી મંદિરે પારાયણ

દિનાંક ૧૯ થી ૨૩ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન ભુજ પ્રસાદી મંદિરમાં શ્રીમદ્ ભક્તચિંતામણી ગ્રંથનું પાંચ દિવસીય પારાયણ યોજાયું હતું. અ.નિ.વેલજીભાઈ કાનજી મેપાણી-મદનાપુરની પુણ્ય સ્મૃતિમાં એમના





ધ.પ.ગં.સ્વ.લાલબાઈ, સુપુત્ર દિનેશભાઈ, ધ.પ.હંસાબેન, પૌત્ર જેન્તીભાઈ, ધ.પ.હંસાબેન, ભાઈ જયેશ તથા બહેન રસીલા પરિવારે મળી આયોજન કરેલ. પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા સ્વામી અક્ષરપ્રિયદાસજીએ કથા રસપાન કરાવેલ હતું. કથાના અંતિમ દિવસે પ્રસાદી મંદિરના મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીએ યજમાન પરિવારને રૂડા આશીર્વાદ સાથે ભલામણ કરી હતી. અને મંદિર તરફથી પરિવારને પહેરામણી કરવામાં આવી હતી. યજમાન પરિવારે ખૂબ જ સકારાત્મ પ્રતિભાવ આપતા જણાવેલ કે અમારા બાપા અને સંતો રાજી રહે એવી આશા રાખી હતી.

અ - કોઠારી સ્વામી રામનુજદાસજી

# ભુજ શ્રીનરનારાયણદેવ તાબાનું શ્રીસ્વામિનારાયણ નૂતન મંદિર મોડસર મધ્યે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

કચ્છ પ્રદેશમાં સત્સંગ રામાનંદ સ્વામીના વખતથી છે અને ભગવાન શ્રીસ્વામિનારાયણ નીલકંઠવર્ણી વેશે પણ કચ્છમાં પધારેલ તથા ધર્મધૂરા સંભાળી ત્યારપછી પણ ઘણી વખત પધારીને કચ્છ પ્રદેશને પાવન કરેલ છે. શ્રીહરિની આજ્ઞાથી નંદ સંતો ગામડે વિચરણ કરતાને સત્સંગ કરવતા અને શ્રીહરિએ કચ્છમાં ભરતખંડના રાજાધિરાજ શ્રીનરનારાયણદેવ પધરાવી આપ્યા.

શ્રીનરનારાયણદેવની કૃપા અને વડિલ સંતોના આશીર્વાદથી આજે પણ સંતો ગામડે ગામડે વિચરણ કરી રહ્યા છે. તેમના પ્રયાસોથી આ વિસ્તારમાં દિન પ્રતિદન સત્સંગનો વ્યાપ વધતો જાય છે. વાગડ પ્રદેશના મોડસર ગામે સત્સંગનો વ્યાપ વધતા મંદિર કરવાની જરૂર જણાઇ એટલે ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડિલ સંતોની આજ્ઞા સહ આશીર્વાદથી સદ્‌ગુરુ સ્વામી કેશવજીવનદાસજીના મંડળને આ ગામમાં મંદિર કરવાની જવાબદારી સોંપાઇ. અને જોતજોતામાં મંદિર તૈયાર થઇ ગયું. અને મૂર્તિ પ્રતિષ્ઠાનો ઉત્સવ તા.૧૬/૧૧/૨૦૨૪ થી તા.૧૮/૧૧/૨૦૨૪ ત્રિદિનાત્મક શ્રીકૃષ્ણચરિત્રામૃતમ્ પારાયણનું આયોજન થયું.

પ્રથમ દિવસે સવારે ૮ વાગ્યે વાજતે ગાજતે પોથીયાત્રા સાથે કથા મંડપમાં પધાર્યા. મહંત







સ્વામી આદિ વડીલ સંતોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કથામૃતરૂપી અમૃતનું પાન વકતા સ્વામી દેવાનંદનદાસજી તથા સ્વામી સદ્‌ગુણસ્વરૂપદાસજીએ કરાવ્યું જેમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ, ફુલદોલોત્વ તથા રાસોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયા હતા. સભા સંચાલન સ્વામી સત્યપ્રકાશદાસજીએ સંભાળ્યું હતું.

તા.૧૮/૧૧/૨૦૨૪ ના અમદાવાદથી પધારેલા પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી.

આ ઉત્સવમાં ભુજ, અંજાર, માંડવી, પ્રસાદી મંદિર તેમજ ભુજ મંદિર સંચાલિત ગુરુકુળોથી સંતો પધારી દર્શન- આશીર્વાદ પાઠવ્યા હતા. તથા કચ્છ પ્રદેશના ચોવિસી, વાગડ, અબડાસા વિસ્તારમાંથી સાં.યો. બહેનો પધારી દર્શનનો લાભ આપ્યો હતો.















# શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીની એથ્લેટીક્સ U-19 રાજ્યકક્ષાએ સુવર્ણ અને કાસ્ય ચંદ્રક મેળવેલ

રમત-ગમત અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર, રાજ્ય સરકાર દ્વારા રાજ્યકક્ષાની અંડર-૧૯ એથ્લેટીકસ સ્પર્ધાનું આયોજન ગોધરા(પંચમહાલ) મુકામે કરાયું હતું. જેમાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરી હાલાઈ તાન્યાએ સમગ્ર ગુજરાતમાં રાજ્યકક્ષાએ ગોળા ફેંકમાં ઈન્વેટમાં પ્રથમ સ્થાન (સુવર્ણ ચંદ્રક) તેમજ ચક્ર ફેંક ઈન્વેટમાં તૃતીય સ્થાન (કાસ્ય ચંદ્રક) પ્રાપ્ત કરેલ છે. તથા વરસાણી મુક્તિ ૨૦૦ મીટર દોડમાં તૃતીય સ્થાન (સુવર્ણ ચંદ્રક) પ્રાપ્ત કરેલ છે. સમગ્ર જિલ્લામાં ચેમ્પિયન થઈ રાજ્યકક્ષાએ મેડલ પ્રાપ્ત કરી કચ્છ જિલ્લાનું અને સંસ્થાનું નામ ગૌરવવંતુ કરી જવલંત સફળતા પ્રાપ્ત કરેલ છે.

દીકરીના પ્રશંસનીય પ્રદર્શન બદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ્વામી, સમસ્ત સંત મંડળ, સાં.યો.મહંત સામબાઈ ફઈ સહ સમસ્ત સાં.યો.બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ છે. સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થાનું સંચાલક મંડળ પ્રમુખ રામજીભાઈ વેકરીયા, મંત્રી પ્રવિણભાઈ પિંડોરીયા, સંસ્થાના આચાર્યા દક્ષાબેન પિંડોરીયા, કોચ રશ્મિતાબેન વીરડા સહ સ્ટાફ પરિવાર તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

# અંજાર મંદિરે દિવાળીના તથા તુલસી વિવાહના ઉત્સવો ઉજવાયા

**હનુમાનજીનું પૂજન :-** કાળી ચૌદશના દિવસે તા.૩૦/૧૦/૨૪ના રોજ આપણા સર્વેના કુળદેવ એવા હનુમાનજીનું પૂજન થયેલ હતું. સંધ્યા સમયે પૂજન બાદ આરતી મહંત સ્વામી તથા યજમાન સુરેશભાઈ નરશીભાઈ ઠક્કર પરિવારે ઉતારેલ ત્યારબાદ સર્વેને પ્રસાદ અપાયો હતો.

**લક્ષ્મી પૂજન તથા ચોપડા પૂજન :-** આસો વદ-૧૪ તથા તા.૩૧/૧૦/૨૪ના રોજ લક્ષ્મી પૂજન તથા ચોપડા પૂજન કરવામાં આવેલ. મંદિરના ગોર યોગેશ મારાજે પૂજન કરાવેલ. વડીલ સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, મંડળધારી શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી તથા હરિભક્તોએ પૂજન કરેલ. સાંજે ૪ થી ૬ દરમિયાન પૂજન યોજાયેલ હતું.

**દિવાળીએ દિપોત્સવ :-** આસો વદ-૩૦ અમાસ તથા તા.૧/૧૧/૨૪ના રોજ દિવાળીએ દિપોત્સવ થયેલ. ૧૦૦૦ દિપ તથા વિદ્યુત રોશનીઓ સાથે આખું મંદિર જગારા મારતું હતું. ખાસ રોશની જોવા આસપાસના શહેરના હજારો











**અન્નકૂટોત્સવ :-** કાર્તિક સુદ-૧ ના નવું સંવત્-૨૦૮૧ ચાલુ થતું હોઇ તા.૨/૧૧/૨૪ના રોજ ધામધૂમથી સંતો-હરિભક્તોનું સ્નેહ મિલન સવારે કથા બાદ યોજાયેલ. સંતો-હરિભક્તો એકબીજાને બાથમાં લઇ નૂતન વર્ષાભિનંદન પાઠવેલ. તથા ત્યારબાદ ગોવર્ધન પૂજન પછી અન્નકૂટોત્સવ યોજાયેલ તેમાં સંતો, યજમાનશ્રીઓએ આરતી ઉતારેલ. વિવિધ વાનગીઓ છપ્પન ભોગ અન્નકૂટ શ્રીઘનશ્યામ મહારાજ તથા શ્રીરાધાકૃષ્ણદેવ આદિ દેવો પાસે ભરવામાં આવેલ હતો. સંતો, ભક્તો, સાં.યો.બહેનો તથા કર્મયોગી બહેનોએ દિવસોની મહેનત બાદ તૈયાર કરેલ. આરતી બાદ દરેકને ઘર દીઠ પ્રસાદ તથા નવા વર્ષનું કેલેન્ડર આપવામાં આવેલ. વિવિધ વ્યંજનો સાથે દર્શનનો લાભ લેવા હજારો હરિભક્તો પધારેલ હતાં.

**તુલસી વિવાહ :-** આપણા ભારતમાં લોકો નવા વર્ષે પ્રથમ પ્રભુના લગ્ન થાય પછી લગ્નો કરતા હોય છે. મંદિરે દર વર્ષની જેમ કારતક સુદ-૧૨, તા.૧૩/૧૧/૨૪ના રોજ તુલસી વિવાહનું આયોજન થયેલ, જેમાં કન્યા પક્ષે મહંત સાં.યો. ત્રિવેણીબેનની પ્રેરણાથી કાર્તિકભાઇ સુરેશભાઇ ઠક્કર સપરિવાર, મુંબઇ યજમાન તરીકે રહેલ તથા વર પક્ષે પરબતભાઇ સામજીભાઇ હાલાઇ, ધ.પ.શાંતાબેન સપરિવાર, ગોડપર થયેલ. સવારે બંને પક્ષના માંડવા યોજાયેલ હતા તથા સાંજે શોભાયાત્રામાં સર્વે જોડાયેલ. બેન્ડપાર્ટી તથા આતશબાજી સાથે ધામધૂમથી લગ્ન મંડપમાં સર્વે પધારેલ ત્યાર બાદ ગોર મારાજે વિધિ સંપન્ન કરાવેલ અંતે અલ્પ આહાર લઇ છુટા પડેલ.

તમામ કાર્યક્રમોમાં કોઠારી પુરાણી સ્વામી દેવસ્વરૂપદાસજી, કોઠારી શાસ્ત્રી સ્વામી શ્રીરંગદાસજી આદિ સંતોએ વ્યવસ્થા સંભાળેલ, કોઠારી સામજીભાઇ ધનજીભાઇ હિરાણી, ટ્રસ્ટી મંડળનાસદસ્યો, વાડી વિસ્તારના, અંજારના તથા બેન્સા વિસ્તારના હરિભક્તો જોડાયા હતા. તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ તથા આસપાસના ગામોના હરિભક્તો પોતાનો અણમોલ કિંમતી સમય આપીને આ ઉત્સવોમાં જોડાયેલ હતા.

અ - મેહુલભાઇ પ્રવિણભાઇ ઠક્કર
(મહેતાજી) - અંજાર

# શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, ઇસ્ટ લંડન ૨૦૨૪-૨૦૨૫ સામાન્ય સભામાં નવી કાર્યવાહી કમિટીના સભ્યોની વરણી

તા.૧૩/૧૦/૨૦૨૪ રવિવારે વાર્ષિક જાહેર સભામાં ભાઈઓ તથા બહેનો સમક્ષ ખજાનચી દ્વારા મંદિરનો આવક-જાવક હિસાબ તથા મંદિરની વાડી, શ્રીસ્વામિનારાયણ સ્પોર્ટ વર્લ્ડનો (S.S.W.) હિસાબ, રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારપછી ૨૦૨૪-૨૦૨૫ માટે મંદિરની કાર્યવાહી સમિતીની સર્વાનું મતે જાહેરમાં નિમણુંક કરવામાં આવેલ હતી. જેમાં

કમિટી :- પ્રમુખઃ-પ.ભ.શામજીભાઈ કાનાજીભાઈ વેકરીયા, ઉપપ્રમુખઃ- પ.ભ.ભીમજીભાઈ રામજીભાઈ હિરાણી, મંત્રીઃ- પ.ભ.પુલકિતભાઈ ભીખુભાઈ કોરાટ, ઉપમંત્રીઃ- પ.ભ.અરવિંદભાઈ કલ્યાણ વેકરીયા, ખજાનચીઃ- પ.ભ.દેવજીભાઈ રામજીભાઈ હિરાણી, સહ ખજાનચીઃ- પ.ભ.વાઘજીભાઈ હરજીભાઈ હિરાણી, સહ ખજાનચીઃ- પ.ભ.અનિલભાઈ દેવજીભાઈ હિરાણી, સહ ખજાનચીઃ- પ.ભ.ધનજીભાઈ વેલજીભાઈ ભુડિયા, મુ.કોઠારીઃ- પ.ભ.હાર્દિકભાઈ ભીખુભાઈ કોરાટ, મુ.કોઠારીઃ- પ.ભ.સવિતાબેન લાલજીભાઈ વેકરીયા, સહ કોઠારીઃ- પ.ભ. મુળજીભાઈ માવજીભાઈ હિરાણી.

ગુજરાતી શાળા :-પ.ભ.જયેશભાઈ હિરણી, પ.ભ.રવિભાઈ વેકરીયા અને પ.ભ.મનેશભાઈ હિરાણી.

મંદિર તેમજ વાડીએ રીપેર કામઃ- પ.ભ.નાનજીભાઈ હીરજી હિરાણી, પ.ભ.કાન્તીભાઈ પિંડોરીયા, પ.ભ.દેવજીભાઈ ખેતાણી, પ.ભ.ગોપાલભાઈ ખેતાણી.

યુવક મંડળઃ- પ.ભ.રાજેશભાઈ લક્ષ્મણભાઈ હિરાણી, પ.ભ.દિલનભાઈ પ.ભ.લક્ષ્મણભાઈ શીયાણી, પ.ભ.દિનેશભાઈ લક્ષ્મણભાઈ હિરાણી, પ.ભ.દિનેશભાઈ કાનજી હિરાણી, પ.ભ.સનેલભાઈ હિરાણી.

શોભા સેવા-અન્ય સેવકોમાં :- પ.ભ.કાન્તાબેન લક્ષમણ હિરાણી, પ.ભ.જાદવજીભાઈ વાઘાણી, પ.ભ.-જયેશભાઈ ભંડેરી.

અ - સહમંત્રી અરવિંદભાઈ વેકરીયા, મંત્રી પુલકિતભાઈ કોરાટ

## શ્રી ઘનશ્યામ બાળસંદેશ

# કચ્છી ભક્તોની વિશેષતા

શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

બાળમિત્રો ! જય શ્રીસ્વામિનારાયણ, રામાનંદ સ્વામીનું અત્યંત વ્હાલું સ્થળ હોય તો એ ભુજ હતું. ભગવાન શ્રીહરિને પણ કચ્છ પ્રદેશના ભક્તો પ્રત્યે બહુ હેત હતું. કારણ કે કચ્છના ભક્તોની વિશેષતા કંઈક જુદી જ હતી. એવું તે શું હતું ? કે કચ્છના હરિભક્તો શ્રીજીમહારાજને બહુ વ્હાલા હતા. તો એ જાણીશું આજના આ લેખમાં.

ભગવાન શ્રીહરિ તીર્થધામ ભુજનગરમાં હીરજીભાઈને ઘેર બિરાજમાન હતા. બે માસ સુધી ત્યાં રહ્યાં. નિત્ય હમીર સરોવરમાં સંતો-ભક્તો સાથે સ્નાન કરતા. હરિભક્તોને ઉપદેશ આપી આનંદ પમાડતા.

એક દિવસ શ્રીહરિએ હીરજીભાઈને કહ્યુ:

“ કાલે અમારે અંજાર જાવું છે. ” સુંદરજીભાઈએ કહ્યુઃ “ભલે મહારાજ ! કાલે થાળ વહેલા કરાવીશું તે જમીને જજો.” બીજે દિવસે મહારાજ થાળ જમી, સંતો-પાર્ષદોની સાથે ચાલ્યા. મહારાજને વળાવવા સુંદરજી સુથાર વગેરે ભક્તો આવ્યા. તે દેસલસર તળાવની પાળ ઉપર કડિયાના વાડા સુધી આવ્યા. ત્યાં આસન પાથરી આપ્યું તે ઉપર શ્રીહરિ બેઠા. પછી શ્રીહરિએ કહ્યુઃ “હવે તમે સર્વે પાછા વળો.” ત્યારે સર્વે સત્સંગીઓ દંડવત્ પ્રણામ કરીને કહ્યુઃ “હે પ્રભુ ! વહેલા વહેલા પધારજો” એમ કહી મહારાજને માટે ભાતુ લાવ્યા હતા, તે મૂળજી બ્રહ્મચારીને આપ્યું અને શ્રીહરિને પગે લાગીને પાછા વળ્યા.

મિત્રો, શ્રીહરિ જ્યારે ભુજ પધારતા ત્યારે ભુજના ભક્તો સામે જઈને વાજતે ગાંજતે સામા આવતા. અને જ્યારે શ્રીહરિ બીજે ગામ પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા પણ આવતા. દરેક ભક્તોને શ્રીહરિ પ્રત્યે સ્નેહ ભાવ હતો.

ભુજથી ચાલ્યા તે શ્રીહરિ અંજાર ચાંગબાઈને ઘેર પધાર્યા. ત્યાં બ્રહ્મચારીએ થાળ કર્યો ને શ્રીહરિને જમાડી ને પોતે જમ્યા. એક દિવસ ત્યાં રહી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા, તે ભીમાસર ગામે ગયા. તળાવ પાળે વૃક્ષ નીચે બેઠા. ત્યાં ભક્તોને દર્શનનું સુખ આપી. ત્યાંથી ભચાઉ પધાર્યા. ત્યાંના વણીક ભક્ત વાઘા શાહને ઘેર રાત વાસો કર્યો. મૂળજી બ્રહ્મચારી રસોઈ કરીને શ્રીહરિને જમાડ્યા. ત્યાંથી વાંઢિયે આદિ ગામોમાં વિચરણ કરતા શ્રીહરિ ગુજરાત, કાઠિયાવાડ થઈ સોરઠ પધાર્યા.

ગુજરાત બાજું વિચરણ કરી પુનઃ કચ્છ દેશમાં જવા વિચાર્યું. ભગવાન શ્રીહરિ વારંવાર કચ્છ દેશમાં પધારતા. કારણ કે ભગવાન શ્રીહરિનો કચ્છદેશના હરિભક્તો પ્રત્યેનો અંતરનો ભાવ કંઈક જુદો જ હતો એ પોતે જાણતા હતા, કે ‘કચ્છ દેશના હરિભક્તો ઘણા જ પ્રેમી છે, ને ધર્મ નિયમમાં પણ સાવધાનપણે વર્તે છે, ને મારા વિના બીજા કોઈને પોતાના ઈષ્ટદેવ તરીકે નથી માનતા. એવા એક નિષ્ઠ અને પ્રિય વાણી બોલનારા, મારા હરિભક્તોને મારા દર્શનનું સુખ દેવા મારે જરૂર કચ્છ દેશમાં જાવું. અને વળી એવાં જે હરિભક્તો એક-બે નહી, પણ અગણિત સ્ત્રી-પુરુષ હરિભક્તો મારાં આવવાની રહા જોઈને રહેલા છે. અને વળી કચ્છ દેશના મારા ભક્તો કેવા છે ? તો પોતાના પ્રાણ થકી પણ અધિક હું પ્રિય છું જેમને એવા મારા કચ્છી હરિભક્તોને મારે અવશ્ય દર્શન દેવાં જવું છે. અને તે હરિભક્તોને મારે વિષે કેવું હેત છે ?’

શ્રીહરિનો અંતરભાવ : ‘જેમ ચંદ્રમાંને વિષે ચકોર પક્ષીને હેત છે. મેઘમાં જેમ મોરને હેત છે. ભમરને જેમ પુષ્પમાં હેત છે. તેવી જ રીતે સર્વે જગતની વાસના ટાળીને મારા ચરણારવિંદમાં પ્રીતિ કરેલી છે. એવા તે હરિભક્તોને મારી કથાવાર્તા સંભળાવવા સારું સંતોને મેં મોકલ્યા હતા, પણ મારાં દર્શનનાં સુખની ઈચ્છાવાળા તે ભક્તોને મારાં દર્શનનું સુખ આપવા માટે હવે મારે જરૂર કચ્છ દેશમાં

જાવું જોઈએ.' એમ સ્વઅંતરમાં વિચારીને ભગવાન શ્રીહરિ સોરઠ દેશથી ચાલ્યા, તે ભાદરા થઈ જોડિયા બંદર આવ્યા.

અને ત્યાંથી નાવમાં બેસી સમુદ્રની ખાડી પાર કરી અંજાર નગરમાં પધાર્યા. ત્યાંના કચરા ભગત આદિક હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. કેસર, ચંદન અને પુષ્પના હાર આદિ પૂજાના ઉપચારથી ભગવાન શ્રીહરિની પૂજા કરીને આરતી ઉતારી. ગદ્‌ગદ ભાવ થઈને પ્રાર્થના કરી. બે હાથ જોડીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ત્યારપછી ભક્તોએ ચાર પ્રકારનાં સરસ ભોજન તૈયાર કરીને ભગવાનને જમાડ્યા. અંજારના ભક્તોને ભાવ પૂર્ણ કરીને શ્રીહરિ ભુજ જવા નીકળ્યા.

ભગવાન શ્રીહરિ ફૂલડોલોત્સવ ભુજમાં કરવાનો સંકલ્પ કરેલો છે.

આજનો સંદેશ :- બાળમિત્રો ! કચ્છ પ્રદેશના ભક્તો જેમ ભગવાન શ્રીહરિને અતિ વ્હાલા હતા. અને ભક્તોને પણ શ્રીહરિને વિષે અતિશય સ્નેહ હતો. એવો પ્રેમ ભગવાન શ્રીહરિને વિશે આપણે કરવાનો છે તો ભગવાનને વ્હાલા બાળકો બનીશું. ભગવાનને વિષે આપણને પ્રેમ છે એ કેમ જણાય ? તો આરતીનો ડંકો વાંગેને મંદિરમાં પહોંચી જાય. ભાવથી પ્રાર્થના કરે, બાળસભામાં બેસે, સંતોના મુખે ભગવાનની વાર્તા સાંભળે અને સવારે નિત્ય પૂજા કરે. આટલું નિત્ય કરે તો જાણીએ કે તમને ભગવાનમાં પ્રેમ છે.

## -: જ્ઞાન સરિતાઃ-

### -: જ્ઞાન માળા :-

૧. શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાય કેટલા છે?

(અ) ૧૮ (બ) ૨૧
(ક) ૧૬ (ડ) ૨૦

૨. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને ભગવદ્ ગીતાનો ઉપદેશ કંઈ જગ્યાએ આપેલો હતો?

(અ) હસ્તિનાપુર (બ) ઈન્દ્રપ્રસ્થ
(ક) કુરુક્ષેત્ર (ડ) દ્વારીકા

૩. ભગવદ્ ગીતા મહાભારતના કયાં પર્વને વિષે આવે છે?

(અ) ઉદ્યોગપર્વ (બ) ભીષ્મપર્વ
(ક) દ્રોણપર્વ (ડ) શાંતિપર્વ

૪. ભગવાનનો અવતાર કયા યુગમાં થાય છે?

(અ) સત્યયુગ (બ) કળિયુગ
(ક) દરેક યુગમાં (ડ) દ્વાપરયુગ

૫. ઉધ્ધવ સંપ્રદાયમાં ગીતા ભાષ્યની રચના કોણે કરેલી છે?

(અ) મુક્તાનંદ સ્વામી (બ) શતાનંદ સ્વામી
(ક) નિત્યાનંદ સ્વામી (ડ) ગોપાળાનંદ સ્વામી

૬. દત્તાત્રેય ભગવાનના માત-પિતાનું નામ શું હતું?

(અ) અનસુયા- અત્રિમુની (બ) અરુંધતી- વશિષ્ઠ
(ક) કલાદેવી- મરીચિઋષિ (ડ) સત્યવતી- પરાશર

૭. સ્વામિનારાયણ મહામંત્રનું પ્રાગટ્ય કયા ગામમાં કરવામાં આવ્યું હતું?

(અ) જેતપુર (બ) ફરેણી
(ક) ગઢપુર (ડ) પીપલાણા

૮. શ્રીકૃષ્ણ ભગવાને વિદ્યાભ્યાસ કંઇ જગ્યાએ કરેલો હતો?

(અ) મથુરા (બ) નાસિક

(ક) ઉજ્જૈનનગર (ડ) કાશી

૯. શ્રીકૃષ્ણ ભગવાનના વિદ્યા ગુરુ કોણ હતા?

(અ) ગર્ગાચાર્ય (બ) વસિષ્ઠમુની

(ક) વ્યાસમુની (ડ) સંદીપની મુની

૧૦. સ્વામિનારાયણ મહામંત્રનું પ્રાગટ્ય કયા દિવસે કરવામાં આવ્યું હતું?

(અ) માગશર વદ ૧૧ (બ) માગશર સુદ ૧૧

(ક) માગશર સુદ ૧૫ (ડ) માગશર વદ ૧૨

## -: શબ્દ રચના :-

### એક અક્ષર 'છ' પરથી શબ્દો પૂર્ણ કરો

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) પહેલો અક્ષર 'છ' | | | | | |
| ૧ | છ | | | શ્રીહરિનું જન્મ સ્થાન | |
| ૨ | છ | | | | શિવાજી મહારાજ |
| ૩ | છ | | | | ચરણારવિંદ મંદિર |
| ૪ | છ | | | | છડી ઝાલનાર |
| (૨) બીજો અક્ષર 'છ' | | | | | |
| ૧ | | છ | | | શરીરનો એક રોગ |
| ૨ | | છ | | | ધૂમકેતુ તારાનું નામ |
| ૩ | | છ | | | ગાયનું બચ્ચું |
| ૪ | | છ | | | દરવાજા પાસે રખાતું |
| (૩) ત્રીજો અક્ષર 'છ' | | | | | |
| ૧ | | | છ | | પૂજનમાં હાથ બાંધવું |
| ૨ | | | છ | | ખરબચડું |
| ૩ | | | છ | | ખૂબ લીલું - હરિયાળું |
| ૪ | | | છ | | એક હાથમાં સંપૂર્ણ શાસન |

## -: બુદ્ધિનો ઉપયોગ કરો :-

૧. ધારો કે તમને ૧ વર્ષ પછી ૧૦ મું વર્ષ બેસે છે. તો તમને હાલ કેટલાં વર્ષ પૂરાં થયાં?

૨. બાપ અને દીકરો બેઠા છે. સામેથી બે સ્ત્રીઓ આવે છે. બાપ કહે છે કે મારી દીકરી આવે છે.

દીકરો કહે છે મારી પત્ની આવે છે, તો આવનાર એ બે બે - સ્ત્રીઓ વચ્ચે શો સંબંધ?

૩. તમારા પિતા મારા પિતાના પિતા છે. તો તમારા પુત્રને મારા પુત્ર સાથે શો સંબંધ થાય?

૪. એક પિતા તેના પુત્રને દર જન્મદિવસે ૧૦૦૦ રૂપિયા ભેટ આપે છે. પુત્ર તે રૂપિયા ભેગા કરે છે. પુત્ર ૧૬ વર્ષનો થયો ત્યારે તેની પાસે માત્ર ૪૦૦૦ રૂપિયા ભેગા થયા. કારણ?

૫. સવારે ૭ વાગ્યાથી સાંજના ૭ વાગ્યા સુધીમાં ઘડિયાળમાંનો કલાક કાંટો મિનિટ કાંટા પરથી કેટલીવાર પસાર થાય?

## જવાબ :- જ્ઞાનમાળા:-

૧૮, કુરુક્ષેત્ર, ભીષ્મપર્વ, દરેક યુગમાં, ગોપાળાનંદ સ્વામી, અનસુયા- અત્રિમુની, ફરેણી, ઉજ્જૈનનગર, સંદીપની મુની, માગશર વદ ૧૧ શબ્દ રચના:- છપૈયા, છત્રપતિ, છતરડી, છડીદાર, અછબડા, પુંછડીયો, વછરડું, લુછડીયું, નાડાછડી, બરછટ, લીલુંછમ, એકછત્ર

બુદ્ધિનો. :- ૮ વર્ષ, નણંદ-ભાભી, પિતા-પુત્ર, ૨૯ ફેબ્રુઆરી, ૧૧વાર.

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઈ ઝીણાભાઈ જેસાણી ધ.પ.અ.નિ.રતનબાઈ, સુત ભીમજીભાઈ ધ.પ.ધનબાઈ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)

૨૦૦- ખીમજી માવજી માંડાણી તુલસી વિવાહ પ્રસંગે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

---

શ્રી ગણેશાય નમઃ ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ શ્રી નરનારાયણાય નમઃ ॥

### ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજીત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ એવમ્ નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

| | | | |
|---|---|---|---|
| પોથીયાત્રા : સં. ૨૦૮૧, ફાગણ વદ ૧૪, શુક્રવાર , તા. ૨૮-૩-૨૦૨૫ | કથા પ્રારંભ : સં. ૨૦૮૧, ફાગણ વદ અમાસ, શનિવાર, તા.૨૯-૩-૨૦૨૫ | કથા સમાપ્તિ સં.૨૦૮૧, ચૈત્ર સુદ-૭, શુક્રવાર, તા.૪-૪-૨૦૨૫ | નારાયણ યજ્ઞ : સં. ૨૦૮૧, ચૈત્ર સુદ-૮, શનિવાર , તા. ૫-૪-૨૦૨૫ |

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી તા. ૨૮-૩-૨૦૨૫ થી તા. ૪-૪-૨૦૨૫ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

**એક પોથીના રૂા. ૨૫,૦૦૦/- પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે.
૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.**

**નારાયણયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.**

**૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦-૧૦ પાસ આપવામાં આવશે.
સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય તેમાં
પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.**

**જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮x૧૨ સાઇઝ) તથા
સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી,
નેપકીન સાથે લાવવાના રહેશે.**

**: કથા સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ. ફોન નં. ૭૫૬૭૬૦૮૦૦૦**

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2024/UPTO 31-12-2024

# આદીપુર ( ગાંધીધામ )ગોલ્ડન સીટી મધ્યે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનું ઉદ્‌ઘાટન સાથે મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.













